

# યુગની માંગ પ્રતિભા પરિષ્કાર

ભાગ-૧

— શ્રીરામ શર્મા આચાર્ય

# યુગની માંગ - પ્રતિભા પરિષ્કાર

ભાગ-૧

લેખક :
પં. શ્રીરામ શર્મા આચાર્ય

પ્રાપ્તિસ્થાનઃ

યુગ નિર્માણ યોજના, મથુરા
શાખા - અમદાવાદ
પાટીદાર સોસાયટી, જૂના વાડજ,
અમદાવાદ - ૩૮[illegible]
ફોન નં : (079) 27557252

૨૦૦૭

કિંમત રૂ. ૬.૦૦

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# અનુક્રમણિકા


| અ.નં. | પ્રકરણ | પા.નં. |
|---|---|---|
| ૧. | પ્રાણવાન પ્રતિભાઓની શોધ | ૧ |
| ૨. | વિશિષ્ટ આત્માઓની નવી રીતે શોધ | ૭ |
| ૩. | પ્રતિભા વધારવાના તથ્યો અને સિદ્ધાંતો | ૧૨ |
| ૪. | નવયુગ નિર્માણ માટે પ્રતિભાઓને પડકાર | ૧૮ |
| ૫. | પ્રતિભા સંવર્ધનની કિંમત પણ ચૂકવો | ૨૪ |
| ૬. | પ્રતિભાના અંકુર દરેકમાં રહેલા જ છે | ૨૮ |
| ૭. | મોટા કાર્યો માટે વરિષ્ઠ પ્રતિભાઓ | ૩૫ |
| ૮. | ઉત્કૃષ્ટતાની સાથે જોડાઓ અને પ્રતિભાના વરદાન મેળવો | ૪૧ |



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મનષ્યોની આકૃતિ  પ્રકૃતિ એક જેવી દેખાવા છતાં તેઓમાં ખૂબ ભિન્નતા જોવા મળે છે. હલકી પ્રકૃતિના લોકો પરાવલંબી હોય છે.તેમના પ્રગતિ અને પતનનું કારણ બીજા લોકો બને છે. આવા પરોપજીવી લોકોનું બાહુલ્ય સમાજમાં જોવા મળે છે. તેમનામાં દૈવી સંપત્તિ હોવા છતાં તેઓ દીનહીન જ કહેવાય છે.

બીજો વર્ગ એ છે જે સમજદાર તો છે, પરંતુ સંકીર્ણ સ્વાર્થપરાયણતાથી ઘેરાયેલો છે. તેઓ માત્ર પોતાના મતલબથી મતલબ રાખવાવાળા છે. આંતરિક કાયરતા અને કંજુસાઇને કારણે આદર્શવાદિતાથી ઘણા જ દૂર રહે છે. આવા લોકો બુદ્ધિમાન તથા ધનવાન હોવા છતાં માત્ર પોતાનું પેટ ભરવા જ સમર્થ એવા સામાન્ય જનમાં તેમની ગણતરી થાય છે.

ત્રીજો વર્ગ પ્રતિભાવાનોનો છે. તેઓ નિયમ અને અનુશાસનમાં બંધાયેલા તથા વ્યવસ્થાકુશળ હોય છે. તેઓ દીર્ઘ દષ્ટિવાન તથા તે અનુસાર આયોજન કરનાર હોય છે. પ્રશંસા અને સફળતા તેઓના ચરણમાં આળોટે છે. દેશ કે સમાજની પ્રગતિ આવા પ્રતિભાવાનોથી જ શક્ય છે.

બધાથી ઊંચી શ્રેણી દેવમાનવોની છે. જેને મહાપુરુષ પણ કહી શકાય છે. તેઓમાં રહેલી પ્રતિભા શક્તિનો ઉપયોગ તેઓ આત્મપરિષ્કાર અને લોકમંગળ માટે કરે છે. પોતાની જરુરિયાતો અને મહત્ત્વાકાંક્ષાઓને ક્રમશઃ ઓછી કરતાં જાય છે. જેથી અધિકાધિક શક્તિ અને સામર્થ્ય ઉચ્ચ આદર્શોમાં લગાવી શકાય છે. આવા મહા માનવો જ કોઇપણ સમાજની સાચી મૂડી છે. સમય આવા પ્રતિભાવાનોની જ પ્રતીક્ષા કરી રહ્યો છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# પ્રાણવાન પ્રભિાઓની શોધ

સમયની માંગને અનુરુપ બે દબાણ અત્યારે સતત વધી રહ્યા છે. એક છે વ્યાપક અનિચ્છનીયતાઓની સામે ટક્કર લઇ તેનો નાશ કરવો, બીજું છે નવયુગની સૃજન વ્યવસ્થાને અમલમાં મૂકવાની સમર્થતા. વ્યક્તિ જીવનના નાના ક્ષેત્રમાં પણ આ બંને કાર્યો ખૂબ મુશ્કેલ લાગે છે. તો પછી જ્યાં દેશ, સમાજ અથવા વિશ્વનો પ્રશ્ન છે, ત્યાં મુશ્કેલીનું પ્રમાણ અસાધારણ સ્તરનું હશે જ.

કોઇપણ ક્ષેત્રમાં પ્રગતિ સાધવા માટે તેને અનુરુપ યોગ્યતા અને કર્મનિષ્ઠા કમાવી પડે છે. સાધનો એકત્ર કરવા પડે છે. તેના વિના સામાન્ય સ્થિતિમાં રહીને કોઇપણ રીતે દિવસો પૂરા થાય છે. તેવી જ રીતે મુશ્કેલીઓથી લડવા, અડચણોને મારી ભગાવવા તથા પ્રગતિ પથ પગ રહેલા અવરોધોને દૂર કરવા સાહસ, શૌર્ય અને સૂઝબૂઝની જરુર પડે છે. અનેક સમસ્યાઓ અને મુશ્કેલીઓ આજકાલ પેદા થવાથી સંકટ ભરેલી પરિસ્થિતિઓ જણાય છે. જે મુશ્કેલીઓની સામે ટક્કર લઇ શકે છે અને પ્રગતિ પર આગળ વધવા હિંમતપૂર્વક પગલાં ભરે છે તેને જ પ્રતિભાવાન કહેવામાં આવે છે

મનુષ્યને પોતાના જીવન વિકાસ માટે તથા અડચણો સામે ઝઝુમવા માટે પ્રતિભાની જરુર પડે છે. સંસારમાં જે લોકો પ્રગતિ કરી શક્યા છે જેઓ આગળ વધી શક્યા છે, તેમને આ બે વાતોનું ધ્યાન રાખવું પડેલ છે. ઉત્કર્ષની સૂઝબૂઝ તથા મુશ્કેલીઓ સામે લડવાની હિંમત. આ બે વાતો સિવાય પ્રગતિશીલ જીવન જીવી શકાતું નથી. તો પછી સાર્વજનિક ક્ષેત્રમાં તો સુવ્યવસ્થા બનાવવા વધુ પ્રખરતાની જરુર પડે જ. આ વિશાળ ક્ષેત્ર તો અનેક પ્રકારની જરુરિયાત અને ઉલઝનોની દષ્ટિએ તો વિશેષ રુપે ઘેરાયેલું હોય છે.

મનુષ્યોની આકૃતિ પ્રકૃતિ તો એક જેવી જ હોય છે, પરંતુ તેમના



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સ્તરમાં બહુ ભિન્નતા જોવા મળે છે. હલકી કક્ષાના લોકો પરાવલંબી હોય છે. તેઓ આંખો બંધ કરીને બીજા લોકોનું અનુસરણ કરે છે યોગ્યતા શેમાં છે તે વિચારવાની તેમની શક્તિ હોતી નથી. તેઓ સાધન તથા માર્ગદર્શન માટે બીજા ઉપર આધારિત હોય છે, ત્યાં સુધી કે પોતાની જીવન ઉપયોગી સાધન સામગ્રી પણ પોતાની જાતે પ્રાપ્ત કરી શકતા નથી. તેમના પતન કે પ્રગતિનું કારણ બીજા લોકો પર જ નિર્ભર હોય છે. આ પરોપજીવી વર્ગના સમાજમાં વિશાળ સંખ્યા જોવા મળે છે. અનુકરણ અને આશ્રય તે તેમના સ્વભાવનું અંગ બની જાય છે. અગત્યના નિર્ણય પણ ક્વચિત જ તેઓ જાતે લે છે. આવા લોકો હલકા વર્ગના છે, સંપત્તિ હોવા છતાં આવા લોકોને દીન જ કહેવામાં આવે છે.

બીજો વર્ગ એવો છે જે સમજદાર હોવા છતાં સંકુચિત સ્વાર્થમાં ડૂબેલો રહે છે. યોગ્યતા અને તત્પરતા જેવી વિશેષતાઓ હોવા છતાં તેનો ઉપયોગ માત્ર લોભ, મોહ અને અહંકારની પૂર્તિમાં જ કરતા રહે છે. તેમની નીતિ પોતાના મતલબથી મતલબ રાખવાની હોય છે. તેઓ આદર્શોથી પ્રભાવિત થતા નથી. કૃપણતા અને કાયરતાને કારણે તેઓ પુણ્ય-પરમાર્થ જેવી કોઇ વાત વિચારી પણ શકતા નથી. તેમને મહત્ત્વ ન મળે તો કોઇનું અનર્થ કરતાં પણ વાર કરતાં નથી. કીટ-પશુ જેવી માત્ર સ્વકેન્દ્રિત જીંદગી તેઓ જીવે છે, બુદ્ધિવાન અને ધનવાન હોવા છતાં આવા લોકોને જીવનનિર્વાહ સારી રીતે કરી શકવાવાળા ''પ્રજાજન'' જ કહી શકાય. તેઓ જેમ તેમ જીવન તો વિતાવે છે. પરંતુ માનવોચિત શ્રેય-સન્માન પ્રાપ્ત કરવાનું તેમના નસીબમાં ક્યારેય હોતું નથી. આવા લોકોને જન સંખ્યાનો એક ભાગ માત્ર માની શકાય. આમ છતાંય તેઓ દીનેહીનોની જેમ પરાવલંબી કે ભારરૂપ નથી હોતા. તેઓની ગણતરી વ્યક્તિત્વની દૃષ્ટિએ અપંગ, અવિકસિત કે અસહાયમાં નથી થતી. ઓછામાં ઓછું પોતાનો ભાર પોતાની જાતે ઉઠાવે છે.

ત્રીજો વર્ગ પ્રતિભાઓનો છે. જો તેઓ ભૌતિક ક્ષેત્રમાં કાર્યરત હોય તો અનેક પ્રકારની વ્યવસ્થાઓ સંભાળે છે. અનુશાસનમાં રહે છે અને નિયમથી બંધાયેલા રહે છે. પોતાની નાવ પોતાની જાતે ચલાવી લે છે. તથા તેમાં બેસાડી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બીજા કેટલાયને પાર ઉતારે છે. મોટી કાર્ય યોજનાઓ બનાવીને ચલાવે છે. કારખાનામાં મેનેજર તથા શાસનાધ્યક્ષ મોટાભાગે આવી વિશેષતા ધરાવતા લોકો હોય છે. જેઓએ મહત્ત્વપૂર્ણ સફળતાઓ મેળવી છે, કંઇક સિદ્ધિઓ મેળવી છે, પ્રતિસ્પર્ધાઓ જીતી છે, તેઓમાં આવી મૌલિક સૂઝબૂઝ હોય છે. બોલચાલની ભાષામાં આવા લોકોને જ પ્રતિભાશાળી કહેવામાં આવે છે. પોતાના વર્ગનું નેતૃત્વ પણ આવા લોકો જ કરે છે. કોયડા ઉકેલે છે અને સફળતાનો માર્ગ પ્રાપ્ત કરે છે. મિત્ર અને શત્રુ તમામ લોકો તેની સામે હાર સ્વીકારે છે. રણમાં હરિયાળી પેદા કરવા જેવા ચમત્કાર પણ આવા લોકો જ કરી શકે છે. ભૌતિક પ્રગતિનું શ્રેય આવા લોકોને આપવામાં આવે તો તેમાં કોઇ અત્યુક્તિ નથી. આવા લોકોમાં દીર્ઘદૃષ્ટિ હોય છે, તથા એક સાથે અનેક દિશાઓમાં તેઓનું ધ્યાન હોય છે. સમય બધાજ લોકો પાસે સીમિત છે. કેટલાક લોકો સમયને પોતાનું જીવન ગાડુ ગબડાવવામાં ગુજારી દે છે, પરંતુ કેટલાક લોકો એવા હોય છે જેઓ એક જ સમયમાં એક જ દિલ દિમાગથી અનેક બાબતોનું ધ્યાન રાખી ને કાર્યપૂર્ણ કરે છે. સફળતા અને પ્રશંસા આવા જ લોકોની આસપાસ ફરે છે. પોતાના ક્ષેત્ર, સમુદાય કે દેશની પ્રગતિ આવા સુવ્યવસ્થિત પ્રતિભાવાન વ્યક્તિઓ ઉપર જ નિર્ભર છે.

સૌથી ઊંચો દરજ્જો દેવમાનવોનો છે, જેમને મહાપુરુષ પણ કહી શકાય. પ્રતિભાવાન તો આવા લોકો પણ હોય છે, પરંતુ તેઓ પોતાની પ્રતિભાનો ઉપયોગ આત્મપરિષ્કારથી લઇ લોક મંગલ સુધીના ઉચ્ચ કક્ષાનાં પ્રયોજનો માટે કરે છે. તેમની પોતાની જરૂરિયાતો અને મહત્ત્વાકાંક્ષાઓ ઉપર કાપ મૂકે છે, વધેલી શક્તિ અને સંપત્તિનો પરમાર્થ કાર્યમાં ઉપયોગ કરી શકાય. સમાજ ઉત્થાન તથા તત્કાલિન સમસ્યાઓના સમાધાનનું શ્રેય આવા મહાપુરુષોના ફાળે જાય છે. કોઇ પણ દેશની સાચી સંપત્તિ આવા મહામાનવો જ છે. પોતાના કાર્યક્ષેત્રને નંદનવન જેવું સુગંધિત બનાવે છે. તેઓ જ્યાં વાદળોની જેમ વરસે છે ત્યાં હરિયાળી લીલી જાજમ પાથરી દે છે. તેઓ વસંતની જેમ અવતરે છે. પોતાના પ્રભાવથી પુષ્પોને સુગંધિત અને શોભાયમાન બનાવે છે. વાતાવરણ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એવું બનાવે છે કે જાણે કોયલો ટહુકવાં લાગે, ભમરા ગુંજન કરે અને મયૂર નૃત્ય કરવા લાગે.

મોટા કાર્યો મોટા શક્તિ કેન્દ્રો જ પૂર્ણ કરી શકે છે. કાદવમાં ખૂંપી ગયેલા હાથીને બળવાન હાથી જ ખેંચીને બહાર કાઢી શકે છે. પાટા ઉપરથી ઉતરી પડેલા એન્જીનને શક્તિશાળી ક્રેઇન જ ઉંચકીને પાટા ઉપર પુનઃસ્થાપિત કરી શકે છે. તોફાની દરિયામાંથી નાવ સુરક્ષિત લાવવાનું સાહસ નાવિકોથી જ શક્ય બને છે. સમાજ અને સંસારની જટિલ સમસ્યાઓનું નિવારણ કરવા માટે આવા વરિષ્ઠ પ્રતિભાવાનોની જ જરૂર પડે છે. પુલ, બંધ, મહેલ, કિલ્લા જેવા મહત્ત્વપૂર્ણ બાંધકામ માટે કૂશળ ઇજનેરોની જરૂર પડે છે. બુદ્ધિશાળીઓ જ ગૂંચવાયેલા પ્રશ્નો હલ કરી શકે છે. પ્રતિભા વાસ્તવમાં એવી સંપત્તિ છે જેનાથી સ્વયં પ્રતિભાવાન જ શ્રેયના અધિકારી બને તેવું નથી પણ પોતાના ક્ષેત્ર, સમુદાય દેશને અતિ ભયંકર દેખાતી સમસ્યાઓમાંથી સુખરૂપ બહાર લાવે છે. તેટલા માટે જ ભાવનાવશ આવા લોકોને દેવદૂત પણ કહેવામાં આવે છે.

મુશ્કેલીના સમયમાં આવા પ્રતિભાવાનોની જ જરૂર પડે છે. તેમને જ શોધી, પ્રોત્સાહિત કરી તૈયાર કરવામાં આવે છે. વિશ્વ ઇતિહાસમાં આવા મહામાનવોની યશગાથાઓ સુવર્ણ અક્ષરે લખેલી જોવા મળે છે. સંસારની અનેક સુંદરતાઓ અને ભાગ્યવાન ચીજોમાં આવા ઉચ્ચસ્તરીય આત્માઓ જ વધુ તેજસ્વી હોય છે. તેમની કાર્યગાથાથી અસંખ્ય લોકોને અનંતકાળ સુધી માર્ગદર્શન મળતું રહે છે. સ્વર્ગ, મુક્તિ, સિદ્ધિના નામથી જે આધ્યાત્મિક સિદ્ધિઓનું વર્ણન અલંકારિક રૂપમાં જોવા મળે છે, તે વાસ્તવમાં આવા મહાન માણસોને જ પ્રાપ્ત થાય છે. સામાન્ય લોકો પાઠ પૂજા કર્મકાંડને આધારે કંઇક મળવાની આશા રાખે છે, પરંતુ મનસ્વી, તેજસ્વી, ઓજસ્વી માત્ર કર્મયોગની સાધનામાં જ ડૂબેલા રહે છે, કે જેનાથી તેમનું વ્યક્તિત્વ અને કર્તવ્ય શ્રેષ્ઠ સાબિત થઇ શકે.

વર્તમાન સમય વિશ્વ ઇતિહાસમાં અદ્દભૂત અને અભૂતપૂર્વ છે. જેમાં એક તરફ મહાવિનાશનું પ્રલયકારી તોફાન પ્રચંડ રૂપથી કાર્યરત છે, તો



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બીજી બાજુ સતયુગી નવ નિર્માણની ભૂમિકા પણ તૈયાર થઇ રહી છે. વિનાશ અને વિકાસ એકબીજાના હરિફ તો છે, તો પણ બંનેને પોત પોતાની દિશામાં ચાલવું શક્ય છે. આજકાલ આકાશમાં ઘોર અંધકાર છવાયેલો તો દેખાય છે, પરંતુ બીજી બાજુ પૂર્વાચલમાં બ્રહ્મમૂહૂર્તનો આભાસ પણ દેખાઇ રહ્યો છે. આ બંનેના સમન્વયને જોઇને જ આજના સમયને યુગસંધિ સમય માનવામાં આવ્યો છે. આવા મહત્ત્વપૂર્ણ સમયમાં કોઇક વિરલા જ પોતાની ભૂમિકા નિભાવી શકે છે.

ત્રેતાયુગમાં એક તરફ રાવણનો આસૂરી આતંક છવાયેલો હતો, તો બીજી તરફ રામરાજ્યના સતયુગી પુનરાગમનનો પ્રયાસ પુરુષાર્થ કાર્યરત હતો. આ વિચિત્રતા જોઇ સામાન્ય લોકો ભયભીત હતા. રામના સહયોગમાં તે સમયે કોઇપણ રાજાની સેના કામમાં આવી ન હતી, તો પણ હનુમાન અંગદના નેતૃત્વમાં રીંછ વાનરોની ટોળી પોતાના જાનના જોખમે રામના સહયોગમાં આવી જેનાથી પૂલ બાંધવા, પર્વત ઉંચકવા તથા લંકાનો વિનાશ જેવાં કાર્યો પરિપૂર્ણ થયાં. રામે તેમના પ્રયત્નોને ભાવપૂર્ણ રૂપે બિરદાવ્યા હતા. આ સહાયકોમાં ગીધ, ખિસકોલી, નાવિક, શબરી જેવાં ઓછા સામર્થ્યવાનનો સહકાર હંમેશા વખાણવાલાયક રહ્યો. મહાભારતના સમયે પણ આવી જ સ્થિતિ હતી. એક તરફ કૌરવોની વિશાલ સુશિક્ષિત અને સમાર્થ સેના હતી, તો બીજી બાજુ પાંડવોનો નાનો સમુદાય. તો પણ યુદ્ધ લડાયું. ભગવાને સારથીનું કામ કર્યું અને અર્જુને ગાંડીવ દ્વારા તીર ચલાવ્યાં. જીત શક્તિની ન હતી પણ સત્ય, નીતિ, ધર્મની હતી. આ ઉદાહરણોમાં ગોવર્ધન ઉંચકવાવાળા ગોપબાળોનો સહયોગ પણ સામેલ હતો. બુદ્ધની ભિક્ષુમંડળી તથા ગાંધીના સત્યાગ્રહીઓ પણ એ જ તથ્યનું સ્મરણ કરાવે છે. પ્રતિભાવાનોએ આગેવાની લીધી, તો સહયોગીઓની ખોટ ન રહી. સંસારના દરેક ખૂણામાંથી કેટલીયે વખત આવા ચમત્કારિક ઘટનાક્રમ પ્રગટ થાય છે, જેનાથી સ્પષ્ટ થાય છે કે જીત સત્યની જ થાય છે અને ઉચ્ચવિભૂતિવાન લોકો પ્રતિભાનો ગંગાવતરણ જેવા સૃજનાત્મક તથા પરશુરામના ધ્વંસાત્મક



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કાર્યોમાં પણ પ્રયોગ કરે છે. મહત્ત્વ ઘટનાક્રમ તથા સાધનોનું નથી, પરંતુ મહત્ત્વ એ બાબતનું છે કે હંમેશા પ્રતિભાશાળી લોકોએ જ મોટી સમસ્યાઓના સમાધાનમાં મુખ્ય ભૂમિકા ભજવી છે.

ચાણક્યે ચંદ્રગુપ્તની પ્રતિભાને ઓળખી તેને તેના સામર્થ્યનો બોધ કરાવી કાર્યક્ષેત્રમાં મોકલ્યો તો નગણ્ય એવો સામાન્ય વ્યક્તિ અસામાન્ય કાર્યો કરી બતાવવામાં સફળ થયો. પ્રાણનાથ મહાપ્રભુએ વીર છત્રસાલ જેવી પ્રતિભાને ઓળખી તેની અંદર એવી શક્તિ ભરી જેનાથી ઉત્તર ભારતમાં આતંક મચાવતા તત્ત્વોથી ભારતીય સંસ્કૃતિને બચાવવાનું સાહસપૂર્ણ કાર્ય થઇ શક્યું. વિવેકાનંદ જેવી પ્રતિભા નરેન્દ્ર નામના યુવકમાં છુપાયેલી છે તેવું જાણ્યાબાદ તથા પોતાની શક્તિનો એક અંશ આપી વિશ્વને એક મહામાનવની ભેટ રામકૃષ્ણ દેવ દ્વારા જ મળી. સમયે સમયે સમસ્યાઓના નિવારણ માટે પરોક્ષ ચેતના આવા પ્રતિભાવાનોને શોધતી જ રહે છે.

આજના સમયમાં વ્યક્તિગત સમસ્યાઓ પણ બેસુમાર છે. આર્થિક, સામાજિક, માનસિક ક્ષેત્રો પર છવાયેલી વિભિષીકાઓ મનુષ્યને સુખની જીંદગી જીવવા દેતી નથી. આનાથી પણ વધીને સાર્વજનિક સમસ્યાઓ છે. સંસાર સામે કેટલાયે પ્રશ્નો છે. વધતી ગરીબી, બેકારી, બીમારી, પ્રદુષણ, વસતી વૃદ્ધિ, પરમાણું વિકિરણ, યુદ્ધની નોબત, જેવી અનેક સમસ્યાઓ તેની વિકટતા બતાવી રહી છે. હિમપ્રલય, જલપ્રલય, દુષ્કાળ, ધરતીકંપો વગેરે દ્વારા પ્રકૃતિ પ્રકોપોના રૂપમાં સમસ્યાઓ દેખાય છે. મનુષ્યની બૌદ્ધિક ભ્રષ્ટતા અને વ્યાવહારિક ભ્રષ્ટતાથી પણ પ્રકૃતિ કોપાયમાન છે. ભવિષ્યવક્તાઓ વિનાશની સંભાવના પોતપોતાની રીતે વ્યક્ત કરી રહ્યા છે. દેખાય છે કે શું આવનાર દિવસોમાં મહાવિનાશ તો નહીં થઇ ને રહે?

પરંતુ સિક્કાની બીજી બાજુ પણ છે. એકવીસમી સદી જેને સતયુગનું પુનરાગમન પણ કહી શકાય તેની સુખદ સંભાવનાઓ જરૂર છે. આ બંને ઉદ્દેશ્યોની પૂર્તિ માટે માનવ સહયોગ અતિ આવશ્યક છે. આ કાર્ય પ્રતિભાવાનો જ કરી શકશે. ઇશ્વરીય તત્ત્વ ધર્મના સંરક્ષણ અને અધર્મના વિનાશનું કાર્ય તો



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરે છે. પરંતુ તેની અદૃશ્ય પ્રેરણાઓનું માધ્યમતો શરીરધારીમાનવોએ બનવું જ પડે છે. આજે આવા મહામાનવોની જ શોધ છે તેમને જ આકૂળવ્યાકૂળ થઇ શોધવામાં આવી રહ્યા છે. પેટ અને પ્રજનનમાં ડૂબેલા દીનહીન તો અનેક પ્રજાજન વિખરાયેલા પડ્યા છે. પરંતુ તેઓતો પોતાના ભારથી દબાયેલ પોતાનો ભાર જ માંડ વહન કરી શકે છે. યુગ પરિવર્તન જેવા સર્જન અને ધ્વંસના મહાપ્રયોજનને પૂર્ણ કરવા માટે પ્રાણવાનોની જ જરૂર છે. મરજીવા આવા જ મણિમુક્તકોને આજના સમાજરૂપી ખારા સમુદ્રમાંથી શોધી કાઢવા કાર્યરત છે.

## વિશિષ્ટ આત્માઓની નવી રીતે શોધ

દૂધમાં માખણ છુપાયેલું છે, પરંતુ તેને અલગ તારવવા દૂધને ઉકાળવા, વલોવવા જેવી પ્રક્રિયાઓ કરવી પડે છે. પ્રાણવાન પ્રતિભાઓની આજના સમયમાં અત્યંત આવશ્યકતા છે કે જેને પરિણામે સમુદ્ર મંથન જેવા યુગ પરિવર્તનના કાર્યમાં તેઓ પોતાની વિશેષ ભૂમિકા ભજવી શકે. અનિષ્ટના અનર્થથી માનવીય ગૌરવને બચાવી શકે અને ગંગાવતરણમાં ભાગીરથે જેવી ભૂમિકા નિભાવેલી તેવો પ્રચંડ પુરુષાર્થ યુગ પરિવર્તનના કાર્યમાં પણ તેઓ કરી શકે.

આજના સમયમાં આવી શોધખોળ જ મોટું કામ છે. સીતાજીને લંકામાંથી પરત લાવવા વાનર સમુહ આવી શોધમાં જ નીકળ્યો હતો. ઉંડા સમુદ્રમાંથી મણિ માણેક મળે છે. કોલસાની ખાણમાંથી પણ શોધવાવાળા હીરા માણેક પણ શોધી કાઢે છે. ધાતુની ખાણો આવી ખોદકામની શોધ કરતાં કરતાં જ મળી આવે છે. દિવ્ય વનૌષધિઓ ગાઢ જંગલોમાંથી મળી આવે છે. વૈજ્ઞાનિકો પ્રકૃતિના રહસ્યો શોધવાનું કાર્ય કરે છે. હાડમાંસની કાયામાંથી દેવત્વનો ઉદય સાધના વિધાનની ઉંડી શોધથી જ શક્ય બને છે. જેમના દ્વારા યુગ સંધિનું મહાપ્રયોજન પૂર્ણ થઇ શકે તેમ નથી તેવા મહાપ્રાણ, વિશિષ્ટ આત્માઓની



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શોધ અત્યારે એટલા માટે જ કરવામાં આવી રહી છે. આજે વાતાવરણને બદલ્યા સિવાય વ્યક્તિગત અને ક્ષેત્રીય સમસ્યાઓનું પણ સમાધાન શક્ય નથી. સંસારનું અંતર ઘટી જવાથી સમસ્યાઓ પણ વ્યક્તિગત ન રહેતાં સામૂહિક બની ગઇ છે. તેનું સમાધાન એકાદ વ્યક્તિને કંઇ લઇ કે આપીને ન થઇ શકે. શીતળાની ફોલ્લીઓ ઉપર માત્ર પાટો બાંધવાથી શું ફાયદો ? જ્યાં સુધી રક્તશોધનની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી તેનો કોઇ ફાયદો નથી. આજના વ્યક્તિગત ચિંતન અને સામાજીક પ્રચલનમાં વિકૃતિઓ ઘુસી ગઇ છે, તે ઔચિત્ય અને વિવેકથી સર્વદા વિપરીત છે. અસ્વસ્થતા, ઉદ્વેગ, આક્રમકતા, નિષ્ઠુરતા, સ્વાર્થાંધતા, સંકીર્ણતા, ઉદ્દંડતાનું નાના અને મોટાઓમાં પોત પોતાની રીતે જોર છે. જે જોતા લાગે છે કે માનવીય મર્યાદાઓનો છડેચોક ભંગ થાય છે. પરિણામે વ્યક્તિને અનેક સંકટો અને સમાજને ચિત્ર-વિચિત્ર સમસ્યાઓનો સામનો કરવો પડે છે. ન કોઇ સુખી છે ન કોઇ સંતુષ્ટ. અછત અને વધતી વસતી રોજ નવી મુશ્કેલીઓ ઊભી કરે છે. દરેક વ્યક્તિ આતંક અને આશંકાથી વિક્ષુબ્ધ છે.

આ સમસ્યાઓથી લડવા માટે મજબૂત કિલ્લેબંધી કરવી પડશે. સામાન્ય જન પોતાની વ્યક્તિગત સમસ્યાઓનું સમાધાન નથી કરી શકતા, પછી વ્યાપક બનેલી અને દરેક ક્ષેત્રમાં ફેલાયેલી સમસ્યાઓનું સમાધાન તેમના દ્વારા કયાંથી શક્ય છે ? આ મુશ્કેલ કાર્યને પૂર્ણ કરવા માટે વિશેષતાવાળા વિશેષ પ્રતિભાવાનોની જરૂર છે. મોટા યુદ્ધને જીતવા ઉચ્ચ સેનાનાયકોએ નક્કી કરેલી રણ નીતિ અને સુઝબુઝની જ જરૂર પડે છે. એ વાત મોટા સર્જનાત્મક કાર્યો માટે પણ લાગુ પડે છે. તાજ મહેલ જેવું સ્થાપત્ય, ચીનની દિવાલ, હાવરાનો પૂલ જેવા મહાપુરુષાર્થી કાર્યો માટે સમજદાર લોકો અને વસ્તુ સ્થિતિ સાથે તાલમેલ બેસાડે તેવું સંગઠન સફળ થઇ શકે છે. તેના માટે આવશ્યક સાધનો પૂરા પાડવા એ પણ કંઇ નાના છોકરાના ખેલ નથી. વિશિષ્ઠ વ્યક્તિઓ જ મોટી યોજનાઓ બનાવે છે અને તેની જવાબદારી સંભાળે છે. નાના માણસો તો માત્ર તેમનો સહયોગ કરે છે. જેઓ સફળતાથી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ફુલાઇ જાય છે અને અસફળતા મળતાં જ વિષાદથી ઘેરાઇ જાય છે.

આ દિવસોમાં બે કાર્ય મહત્ત્વપૂર્ણ છે વિનાશની સામે ઝઝૂમવું અને તેને મારી હઠાવવી, સાથે સાથે નવસર્જનનો એવો પાયો નાખવો જેનાથી આવનાર સમયમાં સંપન્નતા, બુદ્ધિમતા, કુશળતા અને સમર્થતાનું સુમધુર વાતાવરણ બને. દૂરદર્શી લોકો એકવીસમી સદીને સર્વતોમુખી પ્રગતિની સંભાવનાઓથી પૂર્ણ માને છે. તે સમયે સતયુગનું પુનરાગમન થશે તેવી માન્યતાના અનેક કારણો પણ છે. એમાંનું એક કારણ એ પણ છે કે અત્યારના દિવસોમાં સમર્થ પ્રતિભાઓનું સર્જન, વિકાસ અને પ્રખરતાની વૃદ્ધિ જલ્દીથી થઇ રહી છે. સંભવતઃ અદૃશ્ય ચેતનાનું પણ આ કામ હોય કે જે શક્તિ સમયે સમયે વિપત્તિકાળમાં પોતાની અદૃશ્ય સહાયતા પ્રદાન કરે છે. એ સંપૂર્ણ સત્ય છે કે તેજસ્વી પ્રતિભાઓ દ્વારા જ ભૌતિક સમૃદ્ધિની વૃદ્ધિ તેમજ પ્રગતિનું વાતાવરણ બનશે. જેનાથી અંધકાર દૂર થઇ ઉજ્જવળ ભવિષ્યની સંરચના થશે. આવી પ્રતિભાઓ જ દેશ, સમાજ અને યુગની સાચી શક્તિ અને સંપત્તિ માનવામાં આવે છે. સ્પષ્ટ છે કે તેઓ ઉજાસવાળા વાતાવરણથી પેદા થાય છે અને ફળે ફૂલે છે. વર્ષામાં હરિયાળી અને વસંતમાં શોભાનું વાતાવરણ બને છે. પ્રતિભાઓ એકાએક પેદા નથી થઇ જતી, પરંતુ તેમને શોધી, પ્રશિક્ષિત કરી તૈયાર કરવામાં આવે છે. જેના માટે આવશ્યક અને ઉપયુક્ત જરૂરી વાતાવરણ બનાવવું પડે છે.

આજે એવું જ કંઇક ચાલી રહ્યું છે. અસંતુલનને સંતુલનમાં બદલવા માટે મહાકાલની કોઇક મોટી યોજના બની રહી છે. આ યોજનાને કાર્યમાં રૂપાંતર કરવા માટે બે નાના પણ મહત્ત્વપૂર્ણ કાર્યક્રમો કરવાના થાય છે. એક છે આદર્શવાદી સહાયકોને પ્રેરણા આપી એક સમૂહ-પરિવારના સૂત્રમાં બાંધવા સાથે જ કંઇક નાના નિયમિત અને સર્જનાત્મક કાર્યક્રમનો પ્રારંભ કરવો. જેનાથી સદ્ વિચારોનું સત્કાર્યના રૂપમાં રૂપાંતર થાય. બીજું કાર્ય એ છે કે અનીતિ વિરુદ્ધ મોરચો ઊભો કરવામાં આવે અને તેની નાની શરૂઆત કરી વિશાળ સ્તરે ફેલાવવામાં આવે. નાનો તણખો દાવાનળ બને છે. નાના બીજમાંથી વૃક્ષ બને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે. વિનાશ અને સર્જનનો પણ એ જ ક્રમ છે. એક ડગલું સજ્જનતાના સર્જનનું છે, તો બીજું અનીતિના દમનનું. સત્પ્રવૃત્તિઓની વૃદ્ધિ અને દુષ્પ્રવૃત્તિના વિનાશના બે મોર્ચા પર બેધારી તલવારથી બે સ્તરની કાર્યવાહી પ્રારંભ કરવામાં આવે. જેના આગળ વધવાથી નવયુગનું અવતરણ સંભવ બનશે. ઉજ્જવળ ભવિષ્યની સર્વતોમુખી પ્રગતિ અને ચિરસ્થાઇ શાન્તિના લક્ષ્ય સુધી પહોંચી શકાશે. આ સ્થિતિએ પહોંચ્યા બાદ ''સત્યમેવ જયતે'' નો નારો પ્રચંડ પ્રયાસનો માર્ગ પ્રશસ્ત કરતાં કરતાં તેની યથાર્થતા પૂર્ણ કરશે.

આ મહાજાગરણથી જ પ્રતિભાવાનોની મૂર્છા ઉડશે. તેઓ આળસ છોડી ભગવાન સવિતાની ઉર્જા પ્રેરણાથી કાર્યક્ષેત્રમાં પ્રવેશ કરશે અને દરેક કાર્યમાં સફળતાના સોપાન સિદ્ધ કરશે. આ ભવિષ્યવાણીને આપણે બધા આપણી સગી આંખે મૂર્તિમંત થતી જોઇ શકીશું.

હીરો પ્રયત્નપૂર્વક ખાણમાંથી કાઢવામાં આવે છે, પરંતુ તેને ચમકદાર કિંમતી હારમાં શોભાયમાન બનાવવા માટે પાસાદાર બનાવવો પડે છે, ઘસવો પડે છે. ધાતુઓ અનેકવાર અગ્નિના સંપર્કમાં આવ્યાબાદ જ સંજીવની જેવી કિંમતી ઔષધ અને રસાયણ બની શકે છે. પહેલવાન અખાડામાં લાબાં સમય સુધી પ્રેક્ટીસ કર્યા બાદ જ દંગલ જીતે છે. શિલ્પી અને કલાકાર પોતાના કાર્યમાં નિપૂણ બનવા લાંબા સમય સુધી અભ્યાસ કરે છે. પ્રતિભાવાનોનું પ્રશિક્ષણ અને તેની સંખ્યામાં વૃદ્ધિ આદર્શવાદી કાર્યોમાં વખાણવાલાયક ભૂમિકા ભજવ્યા બાદ જ સંભવ બને છે. તે અનુસાર એક બાજુ વિશિષ્ટ પ્રાણવાનોને શોધવામાં આવે છે. જ્યારે બીજી તરફ તેમની પ્રતિભાને ચમકાવવા માટે એવા કાર્યોમાં જોડવામાં આવે છે કે જેનાથી તેમનામાં ઓજસ્, તેજસ્ અને વર્ચસ્ ની વૃદ્ધિ થાય. વિશ્વામિત્રે રાજા દશરથના સંતાનોને યુગ સર્જન કાર્ય માટે યોગ્ય સમયે તેમની પ્રતિભા અને તેજસ્વિતાને પ્રગટાવીને યજ્ઞરક્ષા કરવા અને અસુરોનો સામનો કરવાનું કામ સોપ્યું હતું. હનુમાન અને અર્જુન જેવાએ પણ આવી અગ્નિ પરીક્ષામાંથી પસાર થઇ ને જ અસાધારણ ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. આ પરીક્ષામાંથી બચતા રહેવાવાળા કોઇપણ વ્યક્તિ ઉપર મહાનતા આકાશમાંથી અનાયાસ વરસી પડતી નથી.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પરાક્રમથી પીઠ બતાવવાવાળા જ કંજુસ અને પ્રમાદીઓની જેમ હાથ ઘસતા રહી જાય છે.

હાલ જન્મજન્માંતરના સુસંસ્કારિત આત્માઓને શોધવામાં આવ્યા છે. અને તેમને યુગ ચેતના સાથે જોડવામાં આવ્યા છે. તેમને નવ સર્જન સાહિત્યના માધ્યમથી, જેમ બગીચામાં પુષ્પો પાસે મધમાખીઓ આવે તેમ બોલાવી આ પરિવારમાં ખુલ્લા થઇને સહમત કર્યા છે. પ્રજ્ઞા પરિવારને એ અર્થમાં જ દેવ પરિવાર ગણ્યું છે. પ્રજ્ઞા પરિજનોને યુગ સર્જનનું મહાન લક્ષ્ય લઇ અવતરેલ દિવ્યાત્માઓનો સમુદાય કરવામાં કોઇ અત્યુક્તિ નથી. અંતરાત્માને અમૃતપાન કરાવનાર તેઓ યુગ સાહિત્યનો રસાસ્વાદ કરી રહ્યા છે. મિશનની પત્રિકાઓ નિયમિત વાંચે છે. યુગ ચેતનાની ભાવપૂર્ણ પ્રેરણાઓને યથાસંભવ અનુસુરે પણ છે. તેમના અત્યાર સુધીના યોગદાનને, પરમાર્થ પુરુષાર્થને જેટલો વખાણવામાં આવે તેટલો ઓછો છે. પરંતુ મોટા લક્ષ્ય માટે માત્ર આટલું કામ પૂરતું નથી. સમયની વધતી માંગને ધ્યાનમાં લઇ કેટલાક મોટા કદમ પણ ઉપાડવા પડશે. બાળકનો નાનો સરખો પુરુષાર્થ પણ તેના માતા પિતા દ્વારા વખાણવામાં આવે છે. પણ એ જ બાળક યુવક થાય અને તે જ કાર્યની પુનરાવૃત્તિ કરે તો તેને બાળપણ જ કહેવાયને?

અહીં પરિજનોના અત્યાર સુધીના પુરુષાર્થનું ગૌરવ ઘટાડવાનો કોઇ પ્રયાસ નથી. પરંતુ માત્ર આટલા કાર્યથી વાત બને તેમ નથી. મહાકાળની નવી ચેલેન્જને ઉપાડવા માટે આટલાથી જ સંતોષ ન માનવામાં આવે. સંભવતઃ પરિજનોના જીવનભર ચાલે તેવો આ લાંબો સંગ્રામ છે. એકવીસમી સદી શરૂ થવાને હજુ દસ વર્ષ જેટલો સમય બાકી છે. આ યુગસંધિ વેળામાં આપણે બધાએ તો એવા તપનું શરણું લેવાનું છે, જેવું ભાગીરથે કર્યું હતું અને ધરતી પર ગંગાવતરણ શક્ય બનાવ્યું હતું. મહામાનવોના જીવનમાં ક્યાંય વિશ્રામ નથી હોતો. તેઓ નિરંતર જીંદગીના અંત સુધી ચાલતા રહે છે. જીવન લક્ષ્ય પૂરું ન થાય તો જન્મ જન્માંતર સુધી આવા પ્રકારના કાર્યમાં જોડાયેલા રાખવા પ્રભુ પાસે પ્રાર્થના કરે છે. આ પરંપરા એવા તમામ પરિજનોએ નિભાવવી જોઇએ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કે જેઓ એ પોતાની પ્રતિભા ચમકાવવી હોય અને વ્યક્તિગત તથા સાર્વજનિક ક્ષેત્રમા પ્રેરણાપ્રદ, અનુકરણીય, અભિનંદનીય અને અવિસ્મરણીય ઉપલબ્ધિયો મેળવવી હોય. દેવપરિવારની પ્રતિભાઓએ ઉપેક્ષિત સ્તરના ન રહેવું જોઇએ. તેમની ગણના પરાવલંબી અથવા પેટ અને પ્રજનના પૂરતા જીવિત રહેવાવાળા લોકોમાં ન થવી જોઇએ.

કમળના પુષ્પ સામાન્ય તળાવમાં પેદા થતા હોવા છતાં પોતાની અલગ ઓળખાણ બતાવે છે અને દૂરથી જોવાવાળાના મનને પ્રફુલ્લ બનાવે છે. આપણું સ્તર અને સ્વરૂપ પણ આવા કમળપુષ્પો જેવું જ હોવું જોઇએ.

## પ્રતિભા વધારવાના તથ્યો અને સિદ્ધાંતો

સામાન્યજનોની વચ્ચે પ્રતિભાવાન એવા જુદા ચમકે છે જેમ પાન અને કાંટાની વચ્ચે ફૂલ અને તારા વચ્ચે ચંદ્રમા ચમકે છે. આ કોઇ જન્મજાત મળેલી ભેટ કે કોઇનું આપેલું વરદાન નથી. તેને સર્વભાગ્યથી મળેલ આકસ્મિક સંજોગ પણ ન કહી શકાય. તે જાતે કમાયેલી સંપત્તિ છે. આ કાર્યમાં બીજા સહાય તો કરે છે, પણ મુખ્યત્વે પ્રબળ પ્રયત્ન પોતાની જાતે જ કરવો પડે છે.

ધન આવે છે અને જાય છે. રૂપ યૌવન પણ સામયિક હોય છે. તેનો સંબંધ ચઢતા લોહી સાથે છે. કિશોર અને તરૂણો જ સુંદર દેખાય છે. પણ આયુષ્ય વધતાં જ ચહેરો, રૂપ અને અવયવો કઠણ થતા જાય છે. વિદ્યા એટલી જ યાદ રહે છે, જેનો રોજ ઉપયોગ કરીએ છીએ. મિત્ર, સહયોગી, સંબંધી અને સહાયકોના મન વારંવાર બદલાતા રહે છે. જરૂરી નથી કે તેમનો સંપર્ક હંમેશા એક જેવો બનેલો રહે. અધિકાર પણ ચિરસ્થાઇ નથી. સમર્થન ઓછું થતાં અધિકાર પણ બીજાના હાથમાં ચાલ્યો જાય છે. વૃદ્ધોની શ્રમ કરવાની અને ઉત્પાદિત કાર્ય કરવાની ક્ષમતા ઘટતી જાય છે. આયુષ્ય વધવાની સાથે સાથે સ્ફૂર્તિ અને સ્મરણ શક્તિ ઓછી થતી જાય છે. આવી દશામાં કોઇ યોજના બનાવી તેને ચલાવવી તેની હેસિયત બહારનું કામ છે.આ તમામ મરણનાં લક્ષણ છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જીવનશક્તિનો ભંડાર ધીરેધીરે ઓછો થઇને છેવટે પૂરો થઇ જાય છે.

પરિપકવ વ્યક્તિત્વ અને ચઢતા લોહીના સમયમાં જ શરીર વિકાસ શક્ય છે. પછી કોઇ આ અવસરને આળસ પ્રમાદમાં વિતાવી દે કે લિપ્સા લાલસાની વેદી પર બલિ ચઢાવી દે તો જુદી વાત છે. કોઇ કોઇ તો આવા સમયમાં અતિવાદી ઉદ્દંડતા અપનાવવાનું પણ ચૂકતા નથી. આ લક્ષણો શક્તિ અને સંભાવનાના ભંડાર એવા મનુષ્ય જીવન સાથે રમત કરવા જેવું કાર્ય છે. વિવેકવાન તે છે કે જે વિભૂતિઓ પ્રતિભાને સર્વશ્રેષ્ઠ માને છે અને તેને મેળવવા માટે જાનના જોખમે પ્રયત્ન કરે છે. કારણ કે પ્રતિભા જ જીવનભર સાથ આપે છે. પોતાની તથા બીજાઓની સમસ્યાઓની ગૂંચો ઉકેલે છે તથા જન્મજન્માંતર સુધી સાથે રહી ક્રમશઃ અધિકાધિક ઉચ્ચ સ્તરીય પરિસ્થિતિનું નિર્માણ કરે છે. આ કમાણી માટે કરવામાં આવેલા પ્રયત્નોની જ પ્રશંસા થાય છે અને સુવર્ણ સંપદાની જેમ કોઇ પણ બજારમાં તેનું મૂલ્ય મેળવી શકાય છે. ભૌતિક પ્રગતિમાં પણ તેના ચમત્કાર દેખાય છે. તથા આદર્શવાદી પરમાર્થ અપનાવવાવાળી મહાનતાને પણ તેને આધારે જ વિકસિત થતી જોઇ શકાય છે.

પ્રતિભા પરિષ્કારના કેટલાક મૂળભૂત સિદ્ધાંતો છે. જેને દરેક માણસે હૃદયમાં ઉતારવાનો પ્રયત્ન કરવો જોઇએ કે જેઓ સમુન્નત, સુસંસ્કૃત તથા યશસ્વી અને સફળ જીવન જીવવા ઉત્સુક છે.

પ્રથમ સિદ્ધાંત અથવા આધાર છે પોતાની ક્ષમતાઓમાં નિરંતર વૃદ્ધિ. તેને માટે નિયમિત તત્પરતા અને તન્મયતાનું નિયોજન કરવું. આળસ પ્રમાદથી બચી સદૈવ જાગૃત અને સ્ફૂર્તિવાન બનવું. જીવનના એક એક ક્ષણને અમૂલ્ય માની તેને સદ્ઉદ્દેશ્યો માટે સુનિયોજીત કરવા માટેનું આયોજન કરવું. આ એજ સ્થિતિ છે જેને બીજા શબ્દોમાં મહાજાગરણ કહી શકાય છે. સામાન્ય રીતે લોકો અર્ધનિદ્રાની સ્થિતિમાં એક દર્દની જેમ જીંદગી જીવી જાય છે. જીવન નિર્વાહ પૂરતું માની જતાં તેમને સંતોષ થઇ જાય છે. આજની સરખામણી માં આવતી કાલ વધુ સુસંસ્કૃત બનાવવા માટે જે પ્રયત્ન



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પુરુષાર્થની જરૂર પડે છે તેનો સંપૂર્ણ અભાવ હોય છે. પ્રતિભાના ઉપાસક પોતાની ચમકતી ક્ષમતાઓને બચાવી મૂલ્યવાન મૂડીની જેમ એકત્રિત કરતા રહે છે. જે હાથમાં છે તેનો શ્રેષ્ઠતમ સદુપયોગ કરે છે. આ જ છે તે કલ્પવૃક્ષનું ઉત્પાદન તથા તેના ઉદ્દેશ્યપૂર્ણ સદુપયોગનું ક્રિયામાં રૂપાંતરણ.

બીજું પગલું છે પોતાના વ્યક્તિત્વને ચુંબકીય, આકર્ષક અને વિશ્વસ્ત બનાવવું, જે મનુષ્યત્વ સાથે જોડાયેલો પ્રથમ ગુણ છે. તેના માટે પોતાની રહેણીકરણી જાગૃત, જવાબદાર અને સજ્જન વ્યક્તિ જેવી બનાવવી પડે છે. શરીર અને મનની સ્વચ્છતા સાથે શિષ્ટાચાર અને વાતમાં માધુર્ય હોવું જોઇએ. તેના માટે વિનમ્રતા તથા બીજાઓને સન્માન આપતા શીખવું જોઇએ. આ વાત એવા લોકો માટે જ શક્ય છે, જેઓ બીજાના ગુણ જોઈ તેમાંથી પ્રેરણા લે છે તેમજ પોતાના દોષ, ત્રુટિઓને શોધી દૂર કરતા રહે છે. હલકા લોકો પોતાની શેખી વધારતા રહે છે અને બીજાના દોષ હંમેશા ગણાવતા રહે છે. આ જંજાળમાં જ તેમનું ચિંતન અને ગૌરવ ઘસાતું સમાપ્ત થતું જાય છે.

પ્રતિભાવાનોના ચહેરા પર હળવું હાસ્ય હંમેશ દેખાય છે. જેના આધારે એમ માની શકાય છે કે તેઓ પોતાની રીતે સંતોષી અને પ્રસન્ન છે. બીજા લોકો આવા મંદ હાસ્યવાળા લોકોની સંગત ઇચ્છે છે. ખીજાતા રહેતા લોકોને દૂરથી જ નમસ્કાર કરે છે. જેમને પોતાનું સાચું મૂલ્યાંકન કરાવવું હોય તે ખીજાવાની ટેવને પોતાના સ્વભાવમાંથી ઉખેડીને ફેંકી દે.

ત્રીજું કદમ છે સુવ્યવસ્થા. અસ્તવ્યસ્ત સ્થિતિમાં પ્રચુર સાધનો હોવા છતાં લોકો અસફળ રહે છે અને ઉપહાસને પાત્ર બને છે. પ્રતિભાવાન દરેક ક્ષણે પોતાનાં કાર્ય અને નિયોજનની સમીક્ષા કરે છે તથા તેમાં જે ફેરફાર કરવાની જરૂર પડે છે તેને તુરત બદલી નાખે છે. જડતા કે હઠાગ્રહની સાંકળે તેઓ કદી બંધાતા નથી, કારણ કે આવા લોકો જાણે છે કે પ્રગતિ શીલોએ હંમેશાં પરિસ્થિતિ અનુસાર રણનીતિ અને પોતાની કાર્યનીતિમાં ફેરફાર કરવો પડે છે. વ્યવસ્થા એ આધારે જ બનાવી શકાય છે. જે વ્યક્તિ પોતાના, સમય, શ્રમ, સાધનો, વિચાર, પરિવારનું સુનિયોજન કરી શકે છે, તેમજ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેને સાચું દિશા સૂચન કરી શકે છે તેને જ એ યોગ્ય સમજવામાં આવે છે કે તે કોઇ મોટી વધારાની જવાબદારી ઉપાડી શકશે. કોઇ મોટી મહત્ત્વકાંક્ષાઓ વિચારતાં પહેલાં એ વિચારવું જરૂરી છે કે વ્યક્તિત્વ તથા ક્રિયાકલાપોમાં કેટલી હદ સુધી વ્યવસ્થા બુદ્ધિનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને તને કેટલી સફળ કરી શકાઇ છે.

ચોથું અને છેલ્લું પગલું છે આગળ ચાલવાનું નેતૃત્વ.આ ઉલ્લાહ, સાહસ અને આત્મવિશ્વાસનું પ્રતીક છે. સામાન્ય વ્યક્તિ આત્મહિન ભાવથી સંકોચ, અનિશ્ચય તથા સાહસ હીનતાની સ્થિતિમાં જોવા મળે છે. તેઓ કાર્યો કરવા માટે પણ ડગલું ભરવાનું સાહસ કરી શકતા નથી. બહુ બહુ તો એવું વિચારે છે કે જો કોઇ આગળ ચાલે તો આપણે તેને અનુસરીએ. આવા લોકો સાચો નિષ્કર્ષ નીકળવા છતાં તે માર્ગે આગળ વધી શકતા નથી. પોતાની સ્થિતિને એ કાર્ય માટે યોગ્ય માનવા છતાં સાહસપૂર્ણ કદમ ઉઠાવી શક્તા નથી. આવા લોકો વચ્ચે મનસ્વી એવા લોકોનેજ માનવામાં આવે છે કે જેઓ યોગ્ય વાત પર અતૂટ શ્રદ્ધા રાખે છે. બીજાના સમર્થન સહયોગની પરવા કર્યા વિના તે માર્ગ પર એકાંગી આગળ વધે છે. આ વ્યક્તિઓ દૂધ ગરમ કરતાં જેમ મલાઇ ઉપર આવી જાય તેમ સમાજમાં પણ જુદા તરી આવે છે.

પ્રતિભાવન એકાંગી આગળ વધી પોતાની ક્ષમતાનું પ્રમાણ રજૂ કરે છે. ત્યારબાદ તેમની મનસ્વિતાના ચારે બાજુ વખાણ થાય છે. બીજા લોકો પણ તેમનું અનુકરણ કરે છે. જેમના ઉપર મોટી જવાબદારીઓ છે તે તેવાજ લોકોની શોધ કરે છે. જ્યારે પ્રમાણિકતા સિદ્ધ થઇ જાય છે ત્યારે એક એકથી ચઢિયાતી જવાબદારીઓ આવા મનસ્વી લોકોને સોંપવામાં આવે છે. તેઓ આ જવાબદારી સહર્ષ સ્વીકારે છે અને સ્વીકારેલી જવાબદારીને સર્વાંગિણ રીતે પાર પાડે છે.

રેલનું એન્જીન એકલું ચાલે છે. સ્વયં દોડે છે તથા પોતાની સાથે ભરેલા ડબ્બાની લાંબી લાઇનને પણ ખેંચીને નિર્ધારીત સ્થળે લઇ જાય છે. બધા જ જાણે છે કે ડબ્બાની સરખામણીમાં એન્જીનને વધુ મહત્ત્વ મળે છે. આ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બીજું કંઇ નથી પણ સાહસપૂર્ણ વ્યવસ્થા શક્તિનો પ્રભાવ છે. પ્રતિભાવાનોમાં આ સદ્‌ગુણ પોતાની જાતે કમાયેલી સંપત્તિના રૂપમાં પ્રચુર માત્રમાં હોય છે. તેઓ બીજાના મોં સામે નથી જોઇ રહેતા, પરંતુ પોતાની જાતે આગળ વધી બીજાઓને પોતાના ચુંબકત્વથી સાથે જોડી આગળ વધવા પ્રેરણા આપે છે. સફળતાનું આ જ સ્ત્રોત છે.

પ્રતિભાનો દુરૂપયોગ પણ થઇ શકે છે. ધન, બળ, સૌંદર્ય, કુશળતાનો ઉપયોગ જો ભ્રષ્ટ ચિંતન અને દુષ્ટ આચરણમાં કરવામાં આવે તો તેને દુરુપયોગ કહે છે. આતંકવાદી, અનાચારી, ઉચ્છૃંખલ, ઉદ્ધત લોકો મોટા ભાગે આવું જ કરે છે. તો પણ એ વાત નિશ્ચિત છે કે પ્રતિભાના દુરૂપયોગથી ન તો કોઇ વ્યક્તિ સ્થિર પ્રગતિ કરી શકે છે કે ન તો એવી પરંપરા છોડે છે જેને વખાણી શકાય. આજ નહિ તો કાલ, પરમ દિવસે આવા લોકો આત્મહિનતા, લોકનિંદા, દૈવીપ્રકોપ કે રાજદંડનો ભોગ બને જ છે. લાલચ અને ઘૃણા તો તેમના પર નિરંતર વરસતી જ રહે છે.

દૂરદર્શી વિવેકવાન પોતાની શ્રેષ્ઠતા વધારે છે અને આદર્શવાદી કાર્યોના આધારે પ્રામાણિક અને વિશ્વાસપાત્ર બનતા જાય છે. જેમણે ઉચ્ચ સફળતાઓ મેળવી છે તેમને અનુસરવાવાળા અને સહયોગીઓ અનેક હોય છે. તેટલા માટે જ પ્રતિભા મહાસિદ્ધિની સાધના કરવાવાળા પોતાના ચારિત્ર્યની પ્રમાણિકતા હર હાલતમાં સાચવી રાખે છે, ભલે તેના માટે તેમને અભાવગ્રસ્ત સ્થિતિમાં રહેવું પડે કે પછી તાત્કાલિક લાભના સંજોગો જતા કરવા પડે.

પ્રતિભાને લગતા સિદ્ધાંતોનું માત્ર ચિંતન અને મનન કરવાથી પ્રતિભા પ્રાપ્ત નથી થતી તેને સ્વભાવનું અંગ બનાવવું પડે છે .ચિંતન, ચરિત્ર અને વ્યવહારમાં તેનો સમાવેશ કરવો પડે છે. આ કાર્ય પ્રત્યક્ષ વ્યવહાર વિના સંભવ નથી. જે વિચારો ક્રિયામાં ઉતરે છે તે જ પ્રૌઢ અને પ્રખર વિચાર છે. ડાયનેમો ફરવાથી જ બેટરી ચાર્જ થાય છે. વિચાર અને કાર્યના સમન્વયથી જ વ્યક્તિત્વ બને છે અને તેને આધારે જ સફળતાના ક્ષેત્રમાં કંઇક મહત્વપૂર્ણ ગૌરવ પ્રાપ્ત



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

થાય છે. આ એવી હૂંડી છે જેને કોઇ પણ ક્ષેત્રમાં તુરત વટાવી શકાય છે. મોટા કામ કરવાવાળી જન્મજાત વિભૂતિઓ કદાચિત જ કોઇ જન્મી હશે. દરેકને આ વિભૂતિઓ પોતાના મનોયોગ અને પુરુષાર્થના આધારે જ મેળવવી પડે છે. સાંસારિક દષ્ટિથી પ્રત્યક્ષ દેખાતાં મોટાં કાર્યો આવા લોકોએ જ કરી બતાવ્યા છે. બહુમુખી સફળતાનું શ્રેય આવા વ્યક્તિઓ ઉપર જ વરસ્યું છે. એવા લોકો જ સમાજને સ્થિરતા આપે છે અને અનિચ્છનીય ઉલટા પ્રચલનોને ઉલટાવીને ઠીક કરે છે. સમયનો કાયાકલ્પ કરી વાતાવરણમાં નવ જીવનનો પ્રાણપ્રવાહ આવા લોકો જ ભરી શકે છે.

જે વ્યક્તિત્વોએ યુગ પરિવર્તના સાધનોને સંભવ કરી બતાવ્યા છે તેમના ક્રિયા કલાપ પર દષ્ટિ કરીને સારી રીતે જાણી શકાય છે કે પ્રતિભાનું જ્યારે સુનિયોજન થાય છે ત્યારે માત્ર તે વ્યક્તિનો જ નહીં સમગ્ર વાતાવરણનો પણ કાયાકલ્પ થઇ જાય છે. મહાપ્રતાપી મહારાણા તથા શિવાજીથી લઇ સુભાષચંદ્ર બોઝ, મહાત્મા ગાંધી જેવા થોડા સમય પહેલાં જ જન્મેલા મહામાનવ છે જેમણે પ્રતિભાના સુવ્યવસ્થિત સુનિયોજનને કારણે અસંભવને સભવ કરી બતાવ્યું. સાચી રીતે તો મહામાનવોનું જીવન પ્રત્યક્ષ પ્રયોગશાળા છે. જેમના ઉદાહરણોથી ઘણું શીખી સમજી શકાય છે.

પ્રતિભા વૃદ્ધિનું શિક્ષણ આપવાવાળી કોઇ શાળા કે કૉલેજી નથી. તેને માટે નિર્ધારિત સિદ્ધાંતોને જીવનમાં ઉતારવા માટેની તક અને વાતાવરણ પોતાની જાતે શોધવું પડે છે. આવી તક કોઇ એક જગ્યાએ ઉપલબ્ધ હોતી નથી. તેને વીણી વીણીને એકત્ર કરવી પડે છે. પરંતુ આ દિવસોમાં એવો સુયોગ પ્રાપ્ત થાય છે કે તેની સાથે સંબંધ જોડી દેવાથી દરેકને તેનો સુયોગ મળી શકે છે. જેને આધારે પ્રતિભા સંપાદનોનું સૌભાગ્ય અનાયાસે પ્રાપ્ત થાય છે. આવા સુઅવસર ક્યારેક ક્યારેક જ આવે છે અને તેને કોઇ વિરલા જ જાણી સમજી લાભ ઉઠાવી શકે છે. હનુમાને સમયને ઓળખ્યો અને થોડા જ સમયમાં સમુદ્ર ઓળંગવો, પર્વત ઉંચકવો અને લંકાનો નાશ કરવો જેવાં ભારે કામ કરવાનુ શ્રેય પ્રાપ્ત કરી શક્યા. આને સમયને ઓળખ્યો એમ જ કહેવું જોઇએ. કારણ કે જો તેઓ એ આ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સુયોગનો લાભ તેમણે ઉઠાવ્યો ન હોત, તો સુગ્રીવના સેવકે એક સામાન્ય વાનરના રૂપમાં રહીને જ જીવનના શેષ દિવસો વિતાવવા પડ્યા હોત.

## નવયુગ નિર્માણ માટે પ્રતિભાઓને પડકાર

આજનો સમય જેમાંથી આપણે ગુજરી રહ્યા છીએ તે સંધિકાળ છે. આ યુગસંધિનો અવસર ન ચૂકવા જેવો છે. સંકટ સમયે લોકો પોતાનું કાર્ય છોડી દુર્ઘટનામાં સહાય કરવા દોડી જાય છે. આગ, ધરતીકંપ, દુષ્કાળ, રોગચાળો, અકસ્માત જેવા પ્રસંગોએ સેવા ભાવનાની પરીક્ષા થાય છે. ભાવનાશીલો આ પ્રસંગને ચૂક્તા નથી. આવા સમયની ઉપેક્ષા કરવાવાળા લોકો તિરસ્કારને પાત્ર બને છે. તથા સેવા સાધનામાં હાથ લંબાવનાર લોકમાનસ પર તેની પ્રમાણિકતા અને મહાનતાની એવી છાપ છોડી જાય છે જે કાળક્રમે અનેક માધ્યમોથી તેમને મહાનતા પ્રદાન કરે છે.

ઈતિહાસ સાક્ષી છે કે સંકટના સમયે રાજપૂત ઘરોમાંથી એક એક સભ્ય સેનામાં ભરતી થતો હતો. શીખ ધર્મમાં પણ વિષમ વેળામાં આ ધર્મના પ્રભાવવાળા દરેક ઘરમાંથી એક શીખ સૈનિક સેનામાં ભરતી થતો હતો. આજનો સમય તે વખતના સમય કરતાં ઓછો ખરાબ નથી. નવસર્જનમાં સામેલ થવા દરેક ઘેરથી ઓછામાં ઓછી એક પ્રતિભાએ આગળ આવવું જોઈએ અને ભારત માતાના સતયુગી ગૌરવને જીવંત રાખવાનું શ્રેય લેવું જોઈએ. એકવીસમી સદીમાં સતયુગના પુનરાગમની સંભાવનાઓ સુસ્પષ્ટ છે. કેટલીક નિશાનીઓ પહેલેથી જ પ્રગટ થયેલી છે. એવા વ્યક્તિત્વો આગળ આવ્યા છે જેઓ પોતાના નિર્વાહમાં પણ કાપ મૂકી પોતાની ભાવસંવેદના, આકાંક્ષાઓ તથા કાર્યવિધિને સર્જનકાર્યોમાં એવી રીતે સમર્પિત કરી રહ્યા છે જેનાથી તેમનું સમર્પણ અંધકારમાં પ્રજવલિત મશાલની ભૂમિકા નિભાવીને બધા માટે આશાનું કિરણ બની શકે.

સ્વર્ગ, મુક્તિ, દિવ્યદર્શન વગેરે માટે રાહ જોવી પડે અને કદાચ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નિરાશ પણ થવું પડે. પરંતુ સત્પ્રયોજનો માટે પ્રસ્તુત કરેલ આદર્શવાદી સાહસ વ્યક્તિત્વને એટલું પ્રમાણિક, પ્રખર અને પ્રતિભાવન બનાવે છે કે જેની કમાણીને દેવી સંપદાના રૂપમાં ગણી શકાય, જેના ઉપર આજની તમામ ભૌતિક સંપત્તિઓને ન્યોછાવર કરી શકાય. ધનવાન અને વિદ્વાન તો કેટલાક લોકો ઉપર જ તેમની ધાક જમાવી શકે છે, પરંતુ મહામાનવ સ્તરની પ્રતિભાઓ ઇતિહાસને સમસ્ત માનવ જાતિને કૃત કૃત્ય બનાવી જાય છે.

પ્રતિભાઓનો ઉપયોગ જ્યાં અને જ્યારે પણ ઓચિત્યપૂર્ણ કાર્યોમાં થયો છે ત્યાં એને દરેક જગ્યાએ સન્માન પુરસ્કાર મળે છે. સારા માર્કસથી પાસ થનાર વિદ્યાર્થી ઇનામ જીતે છે અને શિષ્યવૃત્તિ મેળવવાને પાત્ર બને છે. સૈનિકોમાં વીરતા બતાવનાર વીરતાપદક પ્રાપ્ત કરે છે. અધિકારીઓને બઢતી મળે છે. લોકનાયકોનું સન્માન કરવામાં આવે છે. સંસાર તેમને મહામાનવનું સન્માન આપે છે. તથા ભગવાન તેઓને હનુમાન અર્જુન જેવી સઘન આત્મિયતા આપે છે.

યુગસર્જન મોટું કામ છે. તેનો સંબધ કોઇ વ્યક્તિ, ક્ષેત્ર, દેશથી નહિ પરંતુ વિશ્વવ્યાપી સમસ્ત માનવજાતિનાં ચિંતન, ચારિત્ર્ય અને વ્યવહારમાં ધરમૂળથી પરિવર્તન કરવાથી છે. પતનની પ્રવૃત્તિઓ આંધીની જેમ જલ્દી ગતિ પકડે છે. પણ આ આંધીને રોકી તેને શ્રેષ્ઠતાની દિશામાં વાળવી તે અસાધારણ, સાહસપૂર્ણ પ્રયત્ન છે. કેન્સરના રોગીને રોગ મુક્ત કરી તેને નિરોગી થઇ ગયા પછી પહેલવાન જેવો બનાવવો એ એક પ્રકારે ચમત્કાર છે. આવા ઉદાહરણ સમ્રાટ અશોક સ્તરના અપવાદ સ્વરૂપે જ જોવા મળે છે પણ જ્યારે તે ક્રિયા સાર્વભૌમ બનાવવી એ કેટલું દુષ્કર કાર્ય છે, તે તો એવા લોકો જ જાણે છે જેમણે અસંભવને સંભવ બનાવવાની પ્રતિજ્ઞા કરી હોય છે. જેમને કંઇ કરવું નથી તેવાઓની ટીકાઓતો બાલ વિનોદ જ માનવી.

પ્રતિભાવાનો સાહસિક કાર્ય જ કરે છે, વિશેષ કરીને સર્જનાત્મક સાહસિક કાર્યો ઘવાયેલા અંગોને પુનઃ સાજા કરવા તથા બીજા અંગો સાથે જોડીને પૂર્વવત્ બનાવવા મોટા ઓપરેશનથી જ શક્ય બને છે. યુગ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સમસ્યાઓનું સમાધાન કરવા ખરાબ કાર્યોને હરાવવા અને સર્જનાત્મક કાર્યરૂપી બગીચો ખીલવવા માટે એવા પ્રતિભાવંત વ્યક્તિત્વોની જરૂર છે, જે પરાવલંબનની હીનતા, સ્વાર્થ સંકીર્ણતાના વાતાવરણથી દૂર હોય, સાથે સાથે પોતાનો આત્મ સુધાર કરી વાતાવરણને સંસ્કારિત બનાવવાની ઇચ્છાવાળા અંતઃકરણની ભાવસંવેદનાઓથી પૂર્ણ હોય.

આત્મબળ વધારવા માટે ઉપાસનાને એક માત્ર આધાર માનવામાં આવ્યો છે, જેને આધારે મનોકામના પૂર્ણ કરવાથી લઇ સ્વર્ગમુક્તિ તથા પોતાની માન્યતાઓને અનુરૂપ ભગવાનનું સ્વરૂપ ઘડી ભગવત્ દર્શનની આશા રાખવામાં આવે છે. રીદ્ધિ-સિદ્ધિની આશા પણ કેટલાય લોકો રાખે છે અને તેમની ઉપાસનાની સફળતા એમ માને છે કે તેમને ચિત્રવિચિત્ર અનુભવો થાય છે. ચમત્કાર જોવા અને બતાવવા સુધી જ તેમની સફળતા સીમિત રહે છે તેવું લોકો માને છે. પણ સાચી વાત એ નથી. જો આત્મશક્તિ જાગૃત થાય તો તેનું દર્શન આદર્શવાદી પ્રતિભાના રૂપમાં જ થાય છે. તેનામાં નાશની સામે બાથ ભરવાની અને સર્જનને શક્ય કરી બતાવવાની શક્તિ હોય છે. આ જ દૈવી વરદાન છે. આને જ સિદ્ધ પુરુષોનું વરદાન માનવામાં આવે છે. સાચી શોધોમાં પણ આ જ વાત સ્પષ્ટ તરી આવે છે.

ભગવાન શંકરે પરશુરામને કુહાડો આપ્યો હતો, જેઓએ પૃથ્વીને એકવીસ વાર અનાચારીઓથી મુક્ત કરાવી હતી. સહસ્ત્રબાહુની અજેય મનાતી શક્તિને પણ તેમણે જ મહાત કરી હતી. પ્રજાપતિએ દધિચી જેવા તપસ્વીના હાડકાં માંગી ઇન્દ્ર પાસેથી વજ્ર જેવી પ્રતિભા મેળવી હતી, જેના દ્વારા જ વૃત્તાસુર જેવા અસુરનું નિકંદન શક્ય બન્યું હતું. અર્જુનને દેવતાઓ તરફથી ગાંડીવ પ્રાપ્ત થયુ હતું, છત્રપતિ શિવાજીને મળેવી ભવાની તલવાર દેવી તરફથી મળી હતી તેવું મનાય છે. ખરેખર આ કોઇ અસ્ત્રશસ્ત્રની વાત નથી, પરંતુ એવી સમર્થ શક્તિનો ઉલ્લેખ છે, જે માત્ર લાઠી અને ઇંટોથી અનીતિને હરાવી શકે છે. ગાંધીજીનાં સત્યાગ્રહમાં આ કક્ષાનાં અનુયાયીઓની જરૂર પડી હતી.

રીદ્ધિ-સિદ્ધિ દ્વારા ન તો કોઇને જાદુગર બનાવી શકાય છે કે ન તો



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કૌતુક બતાવી મનોરંજન કરાવી શકાય છે. વિશ્વામિત્ર રામ-લક્ષ્મણને પોતાના આશ્રમમાં યજ્ઞની રક્ષાના બહાને લઇ ગયા હતા. પરંતુ ત્યાં તેઓને બલા-અતિબલા વિદ્યા આપી હતી. જેને લઇને જ તેઓ શિવ ધનુષ તોડવા, સીતા સ્વયંવર જીતવા, લંકામાં દાનવતાનો વિનાશ કરવા અને સતયુગનું પુનરાગમન કરાવવામાં સફળ થયા હતા. વિશ્વામિત્રે જ પોતાના એક અન્ય શિષ્ય હરિશ્ચંદ્રને એક એવું કિર્તીવંત કામ કરવામાં સમર્થ બનાવ્યો હતો જેને લઇને તે વખતે યુગ સર્જનનું કાર્ય શક્ય બન્યું હતું. સાથે સાથે હરિશ્ચંદ્રની પ્રતિષ્ઠા પણ એટલી વધારી કે જેને કારણે દેવતાઓ ખુદ હરિશ્ચંદ્રની આરતી ઉતારવા ધરતી પર આવ્યા હતા.

ચાણક્યે ચંન્દ્રગુપ્તને કોઇ ગુપ્ત ખજાનો આપ્યો ન હતો પરંતુ એવું સંકલ્પ બળ પેદા કરી આપ્યું હતું કે જેનાથી આક્રમણકારીઓનો મુકાબલો કરી શકાય અને પોતે ચક્રવર્તી રાજા બની શકે. સમર્થ ગુરુ રામદાસે શિવાજીની હિંમત એટલી વધારી હતી કે અજેય મનાતા શાસનને નાક લીટી તણાવી હતી. સિદ્ધ પુરુષ પ્રાણનાથ મહાપ્રભુએ જ છત્રસાલને એવી પ્રાણદીક્ષા આપી હતી કે તેના આધારે તેઓ રાજર્ષિ બની શક્યા.

દેવતાઓએ સિદ્ધાર્થને રાજકુમાર ન રહેવા દઇને ધર્મચક્ર પ્રવર્તનના કાર્યમાં જોડાવાની સલાહ આપી હતી. સિદ્ધપુરુષ મનાતા ગોરખનાથને મત્સ્યેન્દ્રનાથની તપ સંપત્તિ જ મળી હતી. રામાનંદે કબીરજીને સોનાની ખાણ ક્યાં ભેટ આપી હતી ? પરંતુ એવી પ્રતિભા આપી હતી કે કૂળવિહિન અને જ્ઞાનવિહિન હોવા છતાં પોતાના સમયના મહાન યુગ પ્રવર્તક બન્યા હતા. ભગવાનના ભક્તોમાં નારદ સૌથી વધુ ઉપયોગી મનાય છે. ભગવાને તેમને લોકોમાં ભાવ સંવેદના જાગૃત કરવાનું કાર્ય સોંપ્યું હતું. પવને પોતાના પુત્ર હનુમાનને એવું વર્ચસ્વ આપ્યું હતું જેના કારણે આખા રામચરિત માનસમાં તેમની ભૂમિકા કેન્દ્રસ્થાને રહી.

ગાંધીજીએ પોતાના પ્રિય પાત્ર વિનોબાને મહાન પ્રયોજનોમાં મરી મીટવાની ભાવ સંવેદના આપી હતી. તેમના સંપર્કમાં રહેવાવાળા અન્ય



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લોકોએ પણ પ્રતિભા મેળવી અને પોતાના ચરિત્ર અને કા૦૦૦ર્યોની લોકમાનસ પર અમીટ છાપ છોડતા ગયા.

સંત યાદવેન્દ્રપુરીએ પોતાના શિષ્ય ચેતન્યને જનજાગરણના કર્મક્ષેત્રમાં ઉતાર્યો હતો. વિરજાનન્દે દયાનંદને આવું જ કામ કરવા તૈયાર કર્યા હતા. રામકૃષ્ણ પરમહંસે વિવેકાનંદને એવો રાજમાર્ગ ચીંધ્યો જેને લીધે તેઓ જનકલ્યાણ માટે સમર્પિત સંકલ્પવાન નરરત્ન બન્યા અને મૂર્છિત સંસ્કૃતિમાં પ્રાણચેતનાનો શંખ ફૂંક્યો.

મહર્ષિ અગત્સ્યે ભગીરથને રાજપાટ છોડી ગંગાવતરણના કાર્યમાં ઉતાર્યો હતો. ભગીરથનું કાર્ય એટલું મહાન હતું કે કાર્ય સફળતા માટે કૈલાસ છોડીને સ્વયં ભગવાન શંકરે આવવું પડ્યું હતું. યોગીરાજ ભતૃહરિએ પોતાના ભાઇ વિક્રામાદિત્યને આદર્શ શાસક અને ભાણા ગોપીચંદને અધ્યાત્મના તત્વદર્શનના ઉચ્ચ સિદ્ધાંતો શીખવ્યા હતા. આથી વધુ કોઇ પોતાના સ્નેહી સંબંધીઓને આપી પણ શું શકે ?

સમ્રાટ અશોકે જે પ્રેરણા મેળવી હતી તેને ધારણ કરવા પોતાના પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રાને ધર્મપ્રચાર માટે પરિવ્રાજકના રૂપમાં સમાજને સમર્પિત કરી દીધા હતા. સ્વયં બુદ્ધે પોતાના પુત્ર રાહુલને ઉચ્ચ સ્તરની દીક્ષા આપી હતી. બુદ્ધ પરંપરામાં આમ્રપાલીથી લઇ કુમારજીવ જેવા અનેક પ્રભાવશાળી રત્નો હતાં જે ભૌતિક સુખ સંપત્તિને ઠોકર મારી ધર્મ પ્રયોજનમાં લાગેલા રહ્યા હતા. ભારતીય સંસ્કૃતિને મધ્યપૂર્વ સુધી પહોંચાડવાનું શ્રેય કૌડિન્યને જાય છે. જેમણે ઉચ્ચ લક્ષ્ય પ્રાપ્તિ માટે જીવનભર પ્રયત્ન કર્યા.

જગતમાં પોંગા પંડિતોની ખોટ નથી જેઓએ વૈભવ વધારવા, સુવિધા ભોગવવા તથા પુત્રાદિ માટે ધન ભર્યા ખજાના છોડવાની સફળતા મેળવી. તેમણે પણ મહાપુરુષો જેટલી જ મહેનત કરવી પડી હશે. પરંતુ સ્વાર્થ સંકીર્ણતામાંથી ઉંચા ન આવવાના કારણે આ સુરદુર્લભ માનવદેહ વ્યર્થ ગયો તેનો પશ્ચાતાપ તેમને મરતાં થયો હશે. જ્યારે મહર્ષિ કર્વે, હીરાલાલ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શાસ્ત્રી, બાબા આમ્ટે, મહામના માલવીયજી, ભામાશાહ,સ્વામી શ્રદ્ધાનંદ, અહલ્યાબાઇ, સુભાષચંદ્ર બૉઝ જેવી વિભૂતિઓને પ્રાતઃ સ્મરણીય માનવમાં આવે છે, જેમણે ખુદે તો રોટીકપડા ઉપર નિર્વાહ કર્યો, પરંતુ પોતાની તમામ શક્તિને પરમાર્થ કાર્યોમાં સમર્પિત કરી દીધી. વિદેશી પ્રતિભાવાનોમાં જાપાનના ગાંધી કાગાવા, બેડેન પોવલ, રશીયાના માકર્સ, લેનિન વગેરેના ઇતિહાસના ચળકતા રત્નો માનવામાં આવે છે. વાસ્તવમાં પ્રતિભાઓ સંસારના દરેક ખૂણામાં છે. ધનવાનો, શાસકો, કલાકારો, ઉદ્યમીઓ, વૈજ્ઞાનિકો અને ચિંતકોને પોતપોતાની રીતે કામ કરતા જોઇ શકાય છે. તેમને જે પણ જવાબદારી સોંપાઇ તે તેમણે પ્રચંડતા અને પ્રખરતા સહિતની સફળતા સાથે નિભાવી. આ વર્ગના લોકોને પણ યુગ ચેતના જવા નહીં દે. તેમને ઢંઢોળીને સમયને અનુરૂપ બદલવા બાધ્ય કરશે. અત્યાર સુધી ભલે સ્વાર્થ અને પ્રમાદને જ પ્રોત્સાહન આપતા રહ્યા હોય, પરંતુ હવે પછી તેઓએ તેમની ક્ષમતાની દિશા બદલીને સર્જનકાર્યોમાં લગાવવી જ પડશે.

તોફાન, ધરતીકંપ, દુષ્કાળ કે આંદોલન ભલે ગમે ત્યાંથી શરૂ થાય, પરંતુ જ્યારે તે વેગમાં આવી ગતિ પકડે છે ત્યારે દૂર દૂર વ્યાપક ક્ષેત્રોમાં ફેલાઇ જાય છે. રાજક્રાન્તિઓની પરંપરા આ રીતે જ શરૂ થઇ હતી અને ન જાણે કેટલાય રાજમુગુટોનું અસ્તિત્વ ભૂંસાઇ ગયું હતું. સર્જનની પણ પોતાની લહેર છે. ક્યારેક સતયુગમાં પણ આવી જ લહેર ચાલી હશે અને વર્ષાની જેમ મખમલી ચાદર બિછાવી સ્વર્ગીય વાતાવરણ બનાવ્યું હશે.

રાત્રીનો અંધકાર કાયમ નથી રહેલો. સૂર્યને ઉગવાનો અવસર મળે છે ત્યારે માત્ર નાના પશુ પક્ષી નહીં પણ ગજરાજ તેની ચિંઘાડ અને વનરાજ તેની ત્રાડથી દસે દિશાઓ ગુંજાવે છે. આવો જ સુયોગ આવનાર દિવસોમાં આવી રહ્યો છે એવી આશા બધાએ રાખવી જોઇએ.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# પ્રતિભા સંવર્ધનની કિંમત પણ ચૂકવો

ગાંધીજીના યુગમાં જેઓ સત્યાગ્રહી બન્યા તેઓ સ્વતંત્રતા સેનાની કહેવાયા અને યશભાગી બન્યા. તામ્રપત્ર, પેન્શન, મફત મુસાફરી, વગેરે ગૌરવશાળી લાભ મળ્યા. તેમનામાં જેઓ વધુ પ્રતિભાવંત હતા તેઓ દેશનું શાસન સંભાળવાના કાર્યોમાં જોડાયા. બાપુના સંપર્કમાં રહેલામાંથી નહેરૂ, પટેલ જેવાં કેટલાય નરરત્નો હતાં કે આજે તેમના સ્મારકોને પણ નમન વંદન કરવામાં આવે છે. ઇતિહાસના પાના ઉપર તેમની યશગાથાઓ વાંચી ભાવવિભોર થઇ જવાય છે. આ તેમની પ્રચંડ પ્રતિભાનું જ ફળ છે. જો તેઓ પોતાના સંકુચિત સ્વાર્થમાં આપ મતલબી બન્યા હોત તો માત્ર થોડીક સુખ સુવિધાઓથી જીવન જીવ્યા હોત, પરંતુ દીવાદાંડી બનવાના સુયોગ સૌભાગ્યથી તો વંચિત જ રહ્યા હોત. તે દિવસોમાં પોતાનું મોં છુપાવીને બેઠેલા અત્યારે તેમની સાથે ભૂલ ના કરે તો ''માયા મિલી ન રામ'' વળી વાત પર પશ્ચાતાપ સિવાય બીજું કંઇ નહીં કરતા હોય. ક્યાંય શું વીતેલો સમય પરત આવે છે ?

બુદ્ધ, ગાંધી, દયાનંદ, વિનોબા જેવા મહાપુરુષાએ કરેલા કાર્યની વાત સાંભળી ભાવનાશીલોના હૃદયમાં પણ એવી જ ઉમંગ ઉઠે છે કે જો આપણે પણ તે દિવસોમાં હોત અને તેમની સાથે જોડાયા હોત તો કેટલું સારું કે તેનાથી આપણને પણ તેવું સૌભાગ્ય મળત.પણ અવસર ચૂક્યા પછી તેના લાભની ઇચ્છા દિવાસ્વપ્ન જોવાવાળાના સ્વપ્ન કોણ સાકાર કરી શકે ? તૃષ્ણા મરતા સુધી પ્રૌઢ જ રહે છે. શેખચલ્લી લોકો કુબેર જેવા ધનવાન અને ઇન્દ્ર જેવા પ્રતાપી બનાવાના સપનાં જુએ છે પણ તેમના કાર્ય નો નિષ્કર્ષ માત્ર એટલો જ નીકળે કે કોલ્હુના બળદની જેમ ફરતાં ફરતાં જ તેમનું જીવન વીતી ગયું. સ્મશાનના ભૂત પલીતની જેમ ડરવા અને ડરાવવા સિવાય તેમની પાસે બીજું કંઇ રહ્યું નહીં.

ભાગ્યશાળી તો તેઓ છે કે જેમણે આદર્શો સાથે સંબંધ બાંધ્યો, મહાનતાના રસ્તે ચાલ્યા અને એવું કંઇક કરી બતાવ્યું કે જેનું અનુકરણ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરવાવાળા અસંખ્ય લોકો પણ ગૌરવના અધિકારી બન્યા. મૂર્ખતા અને બુદ્ધિમત્તાની પસંદગી માટે ચાર રસ્તે ઊભા રહી નિર્ણય કરવાનો આ જ સમય છે. ભગીરથ અને અર્જુને પોતાની સાહસિકતાના બદલે જે લાભ મેળ્યો હતો તેવો સુયોગ અવસર આજે પણ છે. વરદાન કોઇને અચાનક મળી જતા નથી. ભગવાન કુપાત્રો અને અસમર્થો ઉપર ક્યાં દયા કરે છે? પાત્રતાની ઉંડાઇ હોય તો જ વરસાદનું પાણી વિશાળ જળાશયનું રૂપ લઇ શકે છે.

યુગસંધિનું આ એવું પ્રભાત પર્વ છે કે જેમાં મહાકાળને પ્રાણવાન પ્રતિભાવાનોની મોટી જરૂર પડી છે. દૈવીકાર્યો મહામાનવોના માધ્યમથી જ થાય છે. અદૃશ્ય શક્તિઓ તો તેમાં માત્ર પ્રેરણા ભરે છે. વ્યક્તિએ તેમાં સ્વતંત્ર નિર્ણય કરવો પડે છે કે આ તકને અપનાવે કે જવા દે. શ્રી કૃષ્ણે અર્જુનને કહ્યું હતું કે ''દુષ્ટ કૌરવો તો પહેલેથી જ મરેલાં છે. મેં પહેલેથી જ તેમની શક્તિને હરી લીધી છે. તારે તો માત્ર ધર્મયુદ્ધમાં જોડાઇને શ્રેય જ લેવાનો છે.'' વાસ્તવિક રીતે જોઇએ તો યુગની વિકૃતિઓતો નાશ પામવાની છે. નવસર્જનનો એવો મહાયજ્ઞ પ્રજ્જવલિત થનાર છે જેનાથી આવનાર લાંબાં સમય સુધી સુખ, શાંતિ અને પ્રગતિનું વાતાવરણ બનશે. એકતા અને સમતાને માન્યતા મળશે. નાશનું સ્થાન સર્જન લેશે. તથા આધ્યાત્મિક તથા ભૌતિક શક્તિઓનો ઉપયોગ માત્ર સત્કાર્યો માટે જ થશે. આ ઉજ્જવળ ભવિષ્યને જ સતયુગનું પુનરાવર્તન એવું નામ આપવામાં આવ્યું છે. અસૂરોની અનીતિનો નાશ દેવતાઓની સામુહિક શક્તિ સંઘશક્તિ દૂર્ગાનાં અવતરણથી જ શક્ય બની હતી. લગભગ તે જ પૌરાણિક પ્રક્રિયાનું પૂનરાવર્તન નવા રૂપથી આ દિવસોમાં થઇ રહ્યું છે. આ પ્રવાહમાં જોડાનાર સામાન્ય પત્તાની જેમ હલકા હોવા છતાં પણ નદીની ધારા ઉપર સવાર થઇ વધારાનો કોઇ વિશેષ પ્રયત્ન કર્યા સિવાય મહાનતાના મહાસમુદ્રમાં જઇ મળવાની સફળતા પ્રાપ્ત કરશે.

પોતાના કામ માટે કોઇના પાસેથી કંઇક મેળવવા ત્યાં જવું એક વાત છે અને સમર્થ સત્તા દ્વારા તેના સહાયકના રૂપમાં તેનાં બોલાવવાથી ત્યાં પહોંચવું એ બીજી વાત છે. પહેલામાં એક પક્ષનો દીનભાવ અને બીજા પક્ષની સ્વાભાવિક



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઉપેક્ષા જણાય છે. પરંતુ આમંત્રિત અતિથિને લેવા સ્ટેશન ઉપર માળા લઇને જવામાં આવે છે અને તેને સન્માનપૂર્વક રોકવામાં આવે છે. તેની વાતચીતને પ્રમુખતા આપવામાં આવે છે. તથા તેવું વાતાવરણ પેદા કરવામાં આવે છે કે આમંત્રિત વ્યક્તિને તેના આગમનનો ઉદ્દેશ્ય સમજાય અને કાર્યનાં સહભાગી બને. મહાકાલ દ્વારા પ્રજ્ઞા પરીજનોને આપવામાં આવેલ આમંત્રણને આ રૂપમાં જ જોવું સમજવું જોઇએ.

રામ સ્વયં ઋષ્યમુખ પર્વત ઉપર ગયા હતા અને સુગ્રીવ તથા હનુમાનને સહકાર આપવા સહમત કર્યા હતા. રામકૃષ્ણ પરમહંસ સ્વયં વિવેકાનંદના ઘેર ગયા હતા અને દેવસંસ્કૃતિના પુનરુદ્ધારમાં જોડાઇ જવા તૈયાર કર્યા હતા. અર્જુનને સ્વયં ભગવાન કૃષ્ણે સમજાવી ધમકાવીને યુદ્ધમાં જોડાવા બાધ્ય કર્યો હતો. સમર્થ રામદાસ અને શિવાજી વચ્ચે, ચાણક્ય અને ચંદ્રગુપ્ત વચ્ચે આવી જ ઘટનાઓ બની હતી. સાથે જ એમણે આવશ્યક શક્તિ અને સફળતા મળે તેના માટે જરૂરી તાલમેળ કર્યો હતો. જેઓને પારદર્શક દૃષ્ટિ પ્રાપ્ત છે, જાણી શકે છે કે મહાકાળે પોતાની અસમર્થતા વ્યક્ત કરીને ક્રમ નથી અપનાવ્યો, પરંતુ સુનિશ્ચિત સંભાવનાના ભાગીદાર બની અજસ્ત્ર સૌભાગ્યના ભાગીદાર બનવા તેમને આમંત્રિત કર્યા છે. આવા વરસવાવાળા અનુદાન વરદાનની ઉપેક્ષા તો કોઇ અદૂરદર્શી કમભાગી જ કરે. લોભ મોહના બંધનમાં બંધાવા ફસાવા માટે તો નીચલી કક્ષાનાં પશુઓ પણ સ્વતંત્ર છે, પરંતુ ગૌરવપૂર્ણ મનુષ્ય જ પોતાના ભવિષ્યને આવી તુચ્છતા માટે ખર્ચી નાખે તો તેને સમજદાર કેવી રીતે માનવો?

સરકાર સૈનિકોને રણ મોરચે લડવા મોકલે છે, તો તેમના માટે જરૂરી શસ્ત્ર સરંજામ, વાહન, ભોજન, રહેઠાણની વ્યવસ્થા તો કરે જ છે, સાથે સાથે તેમના ઘર પરિવારના વ્યક્તિઓના ભરણ પોષણ માટે પગાર પણ આપે છે. યુગ સર્જન માટે સમર્પિત થયેલા વ્યક્તિઓને આવશ્યક પ્રતિભા શક્તિથી લઇ અનુકૂળ પરિસ્થિતિઓ ન મળે તેવું કદી બની શકે જ નહિ. નવસર્જનની સંભાવના તો પૂર્ણ થવાની જ છે, કારણ કે જો આ સંભાવના પૂર્ણ ન થાય તો માત્ર ''મહાપ્રલય'' જ બાકી રહે, જે ભગવાનને અત્યારે સ્વીકાર્ય નથી.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વ્યક્તિ અને સમાજ અત્યારે એવી રીતે ગુંથાયેલા છે કે તેમને પરસ્પર પાણી અને માછલીની જેમ જુદા પાડી શકાય તેમ નથી. કોઈ વ્યક્તિ માત્ર પોતાની ઉન્નતિ અને પોતાના સુખ સાધનોની વૃદ્ધિથી સુખી રહી શકે નહિ. તેનું આજુબાજુનું વાતાવરણ જો વિષમ હોય તો કોઇ સજ્જન પણ સુખ શાંતિથી ન રહી શકે. અગ્નિ અને મુશ્કેલી કોઇ ઘરે વિશેષ સમય નથી રહેતી. ગુંડાગર્દી જો એક જગ્યાએ પેદા થશે તો આખા વિસ્તારમાં ફેલાઇ વિગ્રહ ઊભો કરશે જ. વધેલી વસતી અને આધુનિક પ્રગતિને કારણે હવે વ્યક્તિગત જીવનને ઠીક કરવાથી કામ ચાલશે નહીં. એટલા માટે જન માનસના નીચે ગયેલા સ્તરને ઉચ્ચ કક્ષાએ લઇ જવાનો પ્રયત્ન બીજા શબ્દોમાં આપણાં કુટુંબ પરિવારની સુરક્ષા કરવા જેવું કાર્ય છે. મનુષ્ય સામાજિક પ્રાણી છે અને સમૂહમાં રહેવા ટેવાયેલ છે. આજના સમયમાં સામૂહિકતાની અનિવાર્યતા પેદા થઇ છે. પોતાના મતલબ રાખવાવાળા એ વાત ભૂલી જાય છે કે સમાજનો દરેક ઘટક સુખી અને સમુન્નત બનશે તો જ વાસ્તવિક શાંતિ આવશે.

પ્રતિભા પ્રાપ્ત કરવા માટે ખાસ કરીને ઉચ્ચ સ્તરના વાતારણમાં નિવાસ, શ્રેષ્ઠ વિચારો અને આદર્શ કાર્યોમાં જોડાયેલા રહેવું જોઇએ. આત્મસુધાર તથા વ્યક્તિગત ઉન્નતિ પણ તેના વિના શક્ય નથી. પોતાની જાતને ઉદાર લોકસેવક અને સદ્‌ગુણી બનાવ્યા સિવાય માત્ર બાહ્ય દેખાવથી પ્રભાવશાળી કોઇ બની શકતું નથી. સદ્‌ગુણોનો ભંડાર તથા તેની વૃદ્ધિના અભ્યાસના આધારે જ કોઇ વ્યક્તિ બીજાના સન્માન અને સહયોગ પ્રાપ્ત કરી શકે છે અને આના આધાર પર જ કોઇની પ્રતિભા અને સ્તરનું વાસ્તવિક મૂલ્યાંકન થઇ શકે છે.

જરૂરી એ છે કે પોતાની સંકીર્ણ સ્વાર્થવૃત્તિમાં જ પોતાની સંપૂર્ણ ક્ષમતાઓને હોમી દેવામાં ન આવે. તેમાં જેટલો લાભ દેખાય છે તેની સરખામણીમાં ખોટ વધારે છે. વ્યાપક સ્તરનો સાર્વજનિક સ્વાર્થ જ વાસ્તવમાં પરમાર્થ છે. પરમાર્થ પરાયણ વ્યક્તિ પોતાનું કલ્યાણ તો કરે જ છે. સાથે સાથે પોતાની સાથે જોડાયેલા વ્યક્તિઓને પણ ચંદનવૃક્ષની જેમ ગૌરવ અપાવે છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રતિભા પ્રાપ્ત કરવાનું પ્રાથમિક પગથિયું છે ''સેવા સાધના.'' ઉંચા પ્રકારની સેવા સાધનામાં બે મુખ્ય તત્ત્વો છે, એક છે સત્પ્રવૃત્તિનો વિસ્તાર અને બીજું દુષ્પ્રવૃત્તિનો વિનાશ. આ બે પ્રયત્નોને અપનાવવામાં પોતાના સમય અને સાધનોનો એક અંશ નિયમિત રીતે લગાવવાનું મહત્ત્વ સમજવું જોઈએ. એક નિશ્ચિત વ્રતધારણના રૂપમાં તેનું પાલન કરવું જોઈએ અને પોતાની શ્રદ્ધા નિષ્ઠા અને મનસ્વિતાને કાયમ બનાવી રાખવી જોઈએ. આને ''પ્રતિભા વૃદ્ધિ'' ની અનિવાર્ય ફી માનવી જોઈએ. યુગ પરિવર્તનની સાધન સામગ્રી આ રીતે જ મેળવી શકાશે.

## પ્રતિભાના અંકુર દરેકમાં રહેલા જ છે

રોડ પર મોટરના પૈડા જ દોડતા દેખાય છે. પરંતુ એન્જિનનું ઢાંકણ ખોલીને જોવામાં આવે તો જણાય છે કે અંદરનું બળતણ બળીને શક્તિ પેદા કરે છે. આ શક્તિ પેદા કરવામાં બેટરી અને ડાયનેમોનો સહકાર પણ છે જ. તથા આ શક્તિથી અનેક નાના મોટા યંત્રો કાર્યરત થાય છે જેનાથી મોટર રોડ પર દોડે છે. માનવના અસ્તિત્વની બાબતમાં પણ આજ વાત છે. તેના પ્રત્યક્ષ ક્રિયાકલાપ હાથ, પગ, માથું, ધડ, આંખ, મોં ના માધ્યમથી કાર્ય કરતા દેખાય છે, પણ ચામડીની નીચે જોવામાં આવે તો કંઈક બીજું જ તથ્ય જણાય છે. હૃદયનું લોહી પરિભ્રમણ, માંશપેશીઓનું આકુંચન-પ્રકુંચન, શ્વાસોચ્છ્વાસ વગેરે કાર્યો અંદરના અવયવો કરે છે. તેના ઘર્ષણથી એક શક્તિ પેદા થાય છે, જેના માધ્યમથી શરીરના તમામ અંગો પોતપોતાની કાર્યવાહી ચલાવી શકે છે. આ બધાની અંદર એક ઉંડુ પડ છે જે મગજના મધ્યભાગ બ્રહ્મરંધ્રમાં વિદ્યુત પ્રવાહ પેદા કરવાનું કાર્ય કરે છે. આ ઉદ્ગમસ્થાનનું પણ સ્વતંત્ર અસ્તિત્વ નથી. તે પણ અખીલ બ્રહ્માંડમાં વ્યાપ્ત મહાઉર્જાથી સંબંધ જોડીને જ જેટલી જરૂરી છે તેટલી ઉર્જા પ્રાપ્ત કરી લે છે.

અંગોની બનાવટ તો લોહી, માંસ, અસ્થિ, મજ્જા વગેરેમાંથી બને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે, પરંતુ તેમના વચ્ચે લાખ્ખો- કરોડો જીવકોષોની એવી ક્રિયાશીલતા જોવામળે છે, જાણે એક સ્વતંત્ર વિશ્વનો ઉદ્ભવ, વૃદ્ધિ, પરિવર્તન તેમના વચ્ચે થઇ રહ્યું હોય. આમ તો જીવકોષો પોતાના સ્થાન પર વ્યવસ્થિત રીતે જોવા મળે છે, પરંતુ તેઓ જલ્દીથી પોતાનું કામ કરતાં કરતાં તેમનું અસ્તિત્વ સમાપ્ત કરી દે છે. સાથે સાથે એક વિસ્મયકારી કામ એ પણ કરે છે કે પોતાના મૃત્યુ પહેલાં પોતાનો વારસદાર બનાવી પોતાના સ્થાને મૂકી દે છે કે જેથી તેનું સ્થાન ખાલી ન રહે. મરેલા કોષ કચરાના રૂપમાં છિદ્રો દ્વારા બહાર નીકળી જાય છે. જીવિત કોષો અન્ન, જળ, વાયુ વગેરે પોષક દ્રવ્યોને ગ્રહણ કરવાનું તથા તેને પચાવવાનું કાર્ય કરતા રહે છે.

કણકણમાં નિરંતર ગતિશીલ આ પ્રક્રિયા એટલી ઝડપી હોય છે કે તેની ક્રિયાશીલતા પર આશ્ચર્ય થાય છે. આવડી મોટી કાયા આવા નાના ઘટકો દ્વારા બની છે તે ઓછા આશ્ચર્યની વાત નથી. તેનાથી પણ વધુ આશ્ચર્યની વાત એ છે કે પ્રત્યેક જીવકોષ નાના રુપમાં એ ક્રિયાકલાપ કરે છે કે જે આપણા સૌરમંડળમાં થાય છે. આ બધુ કેવી રીતે થાય છે? શક્તિ ક્યાંથી આવે છે? સાધનો ક્યાંથી મળે છે? આ બધાનો જવાબ કાયાના કણ કણમાં વ્યાપેલી ગતિશીલ વિદ્યુત પ્રવાહ તરફ અંગુલીનિર્દેશ કરી આપી શકાય છે, કારણ કે વિભાગો નાના છે તથા તેમાં કામ કરવાંવાળી સચેતન સ્તરની વિદ્યુતની માત્રા પણ અલ્પ આંકવામાં આવે છે. તેથી વીજળીની સગડી કે ખુલ્લા તારને અડતાં જે અનુભવ થાય છે તેવો કોઇ અનુભવ થતો નથી, તો પણ તેમાં છુપાયેલી વિદ્યુતની પ્રચંડતા નિશ્ચિત છે જ. જો તેવું ન હોત તો અસંખ્ય નાના ઘટકોથી બનેલી કાયાનો પ્રત્યેક ઘટક પોતપોતાના કાર્યમાં આટલી સ્ફૂર્તિ અને સુયોગ્ય પ્રમાણની કાર્યવાહી ન કરતો હોત.

શોધકર્તાઓએ હિસાબ લગાવ્યો છે કે જો શરીરના નાના મોટા અનેકાનેક અંગોની વીજળીને એકત્રિત કરવામાં આવે તો તેની શક્તિ કોઇ વિશાળકાય વીજળી ઘરથી ઓછી ન થાય. જો આટલી વિદ્યુત શક્તિ ન હોય તો જન્મથી લઇ મૃત્યુ સુધી શરીરના જુદા જુદા વિભાગો દ્વારા અનેક



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સ્તરની કાર્યવાહી લગાતાર રોકાયા સિવાય ચાલુ રહે છે તેનું ક્રિયાશીલ રહેવું સંભવ જ ન હોત. સરેરાશ સાડા પાંચ ફુટની આ કાયામાં એટલી સામર્થ્ય શક્તિ છૂપાયેલી છેં જેને જો વૈજ્ઞાનિકો દ્વારા ઉત્પાદન કરવામાં આવે તો તેના માટે માઇલો લાંબા વિશાળકાય વીજળી ઘરની જરૂર પડે. આટલી વિરાટ અને અસીમ સંભાવનાઓથી પૂર્ણ છે આ કાયાનો વિદ્યુત ભંડાર.

સામાન્ય રીતે આ વિદ્યુત પ્રવાહનો એક બહુ નાનો અંશ જ સામાન્ય જીવનચર્યા ચાલતી રહે તે માટે કામમાં આવે છે. કમાણી, કુટુંબ પાલન, ઉંઘ, આરામ તથા બીજા સામાન્ય કાર્યો તેનાથી સંપન્ન થાય છે. કામમાં આવે તેટલો અંશ ક્રિયાશીલ રહે છે. ઉપર ઉપરથી શ્વાસ લેવાવાળા વ્યક્તિના ફેફસાનો થોડો ભાગ જ કામ કરે છે. પરિણામે બાકીનો ભાગ દુર્બળ રહી જાય છે. તેઓ જેમતેમ કરી પોતાના અસ્તિત્વને ટકાવી રાખે છે. આરામપ્રિય લોકોના શરીરનો મોટો ભાગ નિષ્ક્રિય પડ્યો રહે છે, પરિણામે આ દુર્બલતાનો લાભ લઇ ત્યાં કેટલાય પ્રકારના રોગના જંતુઓ પોતાનું મૂળ જમાવે છે. તે કાયાને જીર્ણ બનાવે છે અને કાચંડાની જેમ રંગ બદલે છે. આ વાત મગજ શક્તિની બાબતમાં પણ છે. મનુષ્યની ઇચ્છા આકાંક્ષાં સીમિત હોય છે. તે તેને પૂરી કરવામાં કલ્પનાઓ કરતા રહે છે. મન અને બુદ્ધિનો એક નાનકડો અંશ જ આ કામમાં વપરાય છે. જે ક્ષમતાઓનો ઉપયોગ થતો નથી તે મૂર્છિત સ્થિતિમાં કોઇ ખૂણામાં પડી રહે છે.

માનવીય વિદ્યુત ભંડારની અસીમતા, ઉપયોગિતા અને ક્ષમતાની જો વિજ્ઞાન સંમત તારવણી કાઢવામાં આવે તો જણાશે કે તે શક્તિ એટલી વિપૂલ છે કે તેને આધારે પોતાનું અને બીજા અનેકોનું એટલું હિત થઇ શકે છે, જેટલું કોઇ કોઇવાર મનુષ્યકૃત ઐતિહાસિક ચમત્કારોમાં વિવરણ વાંચીને હતાશ થઇ જવાય છે લોકભાષામાં તેને દૈવી વરદાન કહેવામાં આવે છે, રીદ્ધિ-સિદ્ધિઓંનો ભંડાર કહેવામાં આવે છે અથવા દૈવી વિભૂતિઓના નામે ચર્ચા થાય છે. આવા સંદર્ભો સાચા હોવાને કારણે અંતે માનવું પડે છે કે મનુષ્ય ખરેખર અસીમ શક્તિઓનો ભંડાર છે. આજ વાતને એ પ્રકારે પણ કહી શકાય કે તપશ્ચર્યાના બળ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઉપર દેવતાઓના ઉચ્ચસ્તરીય વરદાન દ્વારા તે પ્રાપ્ત કરી શકે છે, પરંતુ વાસ્તવિક્તા એ છે કે જે કંઇ દેખાય છે તે અંતઃકરણમાંથી ઊભરાઇને જ આવેલું હોય છે.

જેમને માત્ર પેટ-પ્રજનનની ચિંતા છે, જેઓ લોભ, મોહ, અહંકારથી આગળની કોઇ વાત વિચારી શકતા જ નથી, તેમને તો કહેવું જ શું? પરંતુ જેમને કોઇ મહત્ત્વપૂર્ણ લક્ષ્યની પ્રાપ્તિ કરવી છે, તેમના માટે એક જ ઉપાય છે કે પ્રસુપ્ત શક્તિઓને જાગૃત કરી તેને એ પ્રકારનો અભ્યાસ કરાવવામાં આવે કે જેને પરિણામે મોટા કામ થઇ શકે છે અને મોટા લાભ પ્રાપ્ત કરી શકાય છે. બીજાની મદદની વાતને બહુ મહત્ત્વ ન આપવું જોઇએ. પોતાનો પુરુષાર્થ જાગૃત થાય તો સ્વાભાવિક રીતે જ ખીલેલા ફૂલને જોઇને પતંગિયા ફરકવા લાગે અને ભમરાઓ ગીત ગુંજન કરવા લાગે.

અધ્યાત્મ દર્શનનો સાર માત્ર એટલો જ છે કે પોતાને જાણે ''આત્માનં વિદ્ધિ'' પોતાને વિકસિત કરો અને એવા રસ્તે ચાલો જે ઉચ્ચ લક્ષ્ય સુધી લઇ જતો હોય. આ શિક્ષણ પોતાની જાત માટે છે. આ શિક્ષણને અભ્યાસમાં લીધા પછી જ એવી અપેક્ષા કરવી જોઇએ જેનાથી બીજાનું સમર્થન, સહાયતા તથા અનુદાન પ્રાપ્ત કરી શકાય. દેવતાઓ પણ તપસ્વીઓને જ વરદાન આપે છે, બાકીના તો ફૂલ પ્રસાદના પડીયા લઇ દેવસ્થાનોની આજુબાજુ ચક્કર જ લગાવતા રહે છે. ભિખારીની કમાણી કેટલી હોય છે તે બધા જ જાણે છે. તેને જીવનભર અભાવ અને ઉપેક્ષાનો સામનો કરવો પડે છે?

વસ્તુસ્થિતિ સમજીને વધારામાં તેનો અમલ કરવો જોઇએ જેથી પોતાની જાતને વધુ પ્રમાણિક અને પ્રખર બનાવી શકાય. માનતા માનવા કરતાં આજ ઉચિત માર્ગ છે. આ માટે આગળ વધતાં પહેલાં અનુમાન લગાવી લેવું જોઇએ કે આપણી પોતાની અંદર શક્તિનો મહાસાગર ભરેલો છે. સર્જનહારે મનુષ્યને અસાધારણ સફળતા મેળવવાની સંભાવનાથી પરિપૂર્ણ બનાવેલ છે. જરૂરિયાત માત્ર એટલી જ છે કે અવરોધની પાતળી દિવાલને તોડવા જેટલું સાહસ કરવામાં આવે. ઈંડામાનું બચ્ચું જ્યારે સમર્થ બની જાય છે ત્યારે અંદરથી જોર કરી ઈંડાની



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છાલ તોડી બહાર નીકળી જાય છે. ત્યારબાદ તેની માતા પણ તેને મદદ કરવા લાગી જાય છે. પ્રસુતિ પીડાનું એક જ કારણ છે કે ગર્ભસ્થ બાળક બહાર નીકળવા માટે જોર કરે છે. જો ભ્રૂણ દુર્બળ, માંદુ, મૂર્છિત હોય તો પ્રસવની સંભાવના દુષ્કર બની જાય છે.

સંઘર્ષથી ગરમી પેદા થાય છે. હલચલ અને પ્રગતિ પણ તેને આધારે જ થાય છે. પ્રતિભા પરિષ્કાર માટે પણ આવું જ કરવું પડે છે. અખાડામાં સખત મહેનત કર્યા સિવાય કોઇ પહેલવાન ક્યાંથી બને ? સૈનિકોને વખતો વખત આકરી મહેનત કરવી પડે છે. નદીનો પ્રવાહ મોટા પથ્થરને ઉલટાવીને ફેંકી દે છે. યુદ્ધો જીતવા માટે પોતાની કુશળ રણનીતિ બતાવવી પડે છે. ભંવરવાળી નદીના પ્રવાહને કોઇ સાહસિક નાવિક જ પાર કરી શકે છે અને ગૌરવનો અધિકારી બને છે ?

પ્રતિભા પરિષ્કારની પ્રથમ શર્ત છે પોતાની જાત સાથે ઝઝુમવું. આ માટે આળસ પ્રમાદ સામે સૌ પ્રથમ લડવું પડે છે. તેના સ્થાને ચુસ્તી સ્ફુર્તિનો અભ્યાસ કરવો પડે છે. જ્યાં સુધી નિરાશા, હતોત્સાહ, ચિન્તા, ખીજ જેવા દુર્ગુણોને સ્થાને આશા, પ્રસન્નતા, ઉમંગ, નિશ્ચિતતા, નિર્ભયતા અને શિષ્ટાચાર જેવા સદ્‌ગુણો ન આવે ત્યાં સુધી તે દુર્ગુણો સામે સંઘર્ષ ચાલુ રાખવો પડે છે. જે નિત્ય ધ્યાનમાં રાખી અભ્યાસ કરવાનો વિષય છે. જેના માટે નિરંતર રૂપથી પ્રયત્ન ચાલુ રાખવા પડે છે.

પ્રતિભા એવી ત્રિવેણી છે જેમાં શારીરિક ઓજસ્, માનસિક તેજસ્ અને અંતરમાં સમાયેલ વર્સસ્‌ને જગાવી, પ્રખરતા સંપન્ન કરવામાં આવે છે. જો વ્યક્તિ સંયમી બને તો સ્વસ્થ રહેવાની ગેરંટી મળી જાય છે. જરૂરી કામ નક્કી કરી તેમાં રૂચિ, એકાગ્રતા અને તત્પરતા રાખવામાં આવે તો સામાન્ય દેખાતા કામકાજ પણ અભ્યાસને આધારે બુદ્ધિમત્તા અને કુશળતા આપે છે. આના આધારે જ શારીરિક ઓજસ્ અને માનસિક તેજસ્‌ની એટલી માત્રા પ્રાપ્ત થાય છે જેના પર સંતોષ તથા ગર્વ થાય. સદ્‌આશય ઉપર શ્રદ્ધા હોવી તેને વર્ચસ્ કહે છે. આદર્શવાદી વર્ચસ્‌નું અવલંબન લે છે તથા શ્રેષ્ઠતાને પામે છે.જેના અંતરમાં



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વર્ચસ્ પેદા થાય છે તેનામાં સજ્જનતા, સદાશયતા અને સરળતાની ખોટ રહેતી નથી. આ દિવ્યતા જેટલા પ્રમાણમાં જેને પ્રાપ્ત થાય છે તે તેટલો ધન્ય બની જાય છે.

ઉચ્ચ પ્રકારની પ્રતિભાને બીજા શબ્દોમાં બ્રહ્મતેજસ્ કહે છે. તેને બ્રહ્મવર્ચસ્ પણ કહેવામાં આવે છે. તે જેને જેટલા પ્રમાણમાં મળે છે તે શરીરથી સામાન્ય દેખાતો હોવા છતાં ચેતનાત્મક પ્રખરતાના કારણને પૂણ્ય પ્રયોજનનાં એવાં કાર્યો પૂરાં કરે છે જે અનુકરણીય અને અભિનંદનીય હોય. ભગવાન બુદ્ધનો દાખલો સામે જ છે. તેઓએ પોતાના જીવનકાળમાં એક લાખ બોધ્ધ ભિક્ષુભિક્ષુણીઓને પરિવ્રાજક બનાવી વિશ્વના ખૂણે ખૂણે ધર્મચક્ર પ્રવર્તનના કાર્ય માટે મોકલ્યા હતા. જેમણે એક એકથી ચઢિયાતી સફળતાઓ મેળવી હતી. અશોક અને હર્ષવર્ધન જેવા રાજવીઓએ તેમના ઉપદેશ તથા જીવનથી પ્રભાવિત થઇ પોતાના વિપુલ રાજ્યકોષ ન્યોછાવર કરી દીધા હતા. આમ્રપાલી અને અંગુલિમાલ જેવા ખરાબ કાર્ય કરવાવાળા પણ પોતાના જીવનનો કાયાકલ્પ કરી શ્રેષ્ઠ કાર્ય કરવાવાળા બન્યા હતાં.

ચાણક્યની એકાંગી યોજનાએ જ ભારત પર આક્રમણ કરનાર આક્રમણકારીઓને ઊભી પૂંછડીએ પોતાના દેશ પરત તગડી મૂક્યા હતા. અનેક અનુભવીઓ તેમના સહાયક બન્યા હતા. નાલંદા વિશ્વ વિદ્યાલયની સ્થાપનાથી લઇ તેના સંચાલન કરવા સુધીની જવાબદારી તેમની પ્રતિભા જ કરતી રહી હતી. ચુંબક પોતાના જેવા સમાનધર્મીઓને પોતાની તરફ ખેંચી જોડી રાખે છે.

પ્રારંભમાં મહામાનવ માલવીયજી સામાન્ય વકીલ અને સંપાદક હતા. પરંતુ જ્યારે તેમણે હિન્દુ વિશ્વવિદ્યાલયની સ્થાપનાનો સંકલ્પ કર્યો ત્યારે રૂપિયા પચાસ કરોડની સંપત્તિ એવા લોકો પાસેથી એકત્ર કરી જેમની સાથે તેમને કોઇ ઓળખાણ પણ ન હતી.

અર્જુને પાતાળમાંથી ગંગાજી બહાર કાઢી ભીષ્મની તરસ છીપાવી હતી. ભીષ્મ પણ કાંઇ ઓછા ન હતા. શરશૈયા પર અસહ્ય વેદના સહન કરવા છતાં મૃત્યુને કહ્યું હતું કે હમણાં મને મરવાનો ટાઇમ નથી. મૃત્યુ ત્યારે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જ પાછું આવ્યું જ્યારે તેમણે પોતાના મરવાનો સમય ઉતરાયણના સૂર્યમાં નક્કી કર્યો હતો. મનસ્વીની આગળ કુદરત પાણી ભરે છે.સાવિત્રી એ પોતાના મૃત પતિને સજીવન કરાવી યમરાજની પાસેથી પાછો મેળવ્યો હતો. દમયંતીના નેત્ર તેજથી શિકારી બળીને ભસ્મ થઇ ગયો હતો. ગૌતમ ઋષિના શાપથી સગર પુત્રોની શું દુર્ગતિ થઇ હતી તે ઇતિહાસ પ્રસિદ્ધ છે.

રાણા સાંગાના શરીર પર એંસી ઘાવ લાગેલા હતા તો પણ મૃત્યુ સુધી લડતા રહ્યા હતા. વોલ્ટેયરે દવાખાનામાં માંદગીના બિછાના પર પડ્યા પડ્યા એવા મહત્ત્વપૂર્ણ ગ્રંથોનું નિર્માણ કર્યું હતું જેને જોતાં તેમના પુરુષાર્થથી આશ્ચર્ય થઇ જવાય. ઇતિહાસમાં એવા કરોડપતિ લોકોના ઉદાહરણો સામે છે જેમની પ્રારંભિક મૂડી ખૂબ ઓછી હતી પરંતુ કુદરતે તેમને અદ્ભૂત સાહસ, સૂઝબૂઝ અને ઉત્સાહ આપ્યો પરિણામે તેઓ ધન કુબેર બની ગયાં. બાટાથી લઇને ટાટા, હેનરી ફોર્ડ, રોક ફેલર વગેરેના નામોની મોટી નામાવલિ આવી જાય છે.

સરદાર પટેલ દ્વારા ઉદ્દંડ રજવાડાઓને ભારતમાં વિલીનીકરણ માટે તૈયાર કરવાનું કાર્ય એવું છે જેમાં તેમના મહાન વ્યક્તિત્વના દર્શન થાય છે. બારડોલી સત્યાગ્રહમાં પણ તેઓ પોતાની કમાલ બતાવી ચૂક્યા હતા. જાપાનના ગાંધી કાગાવાએ એક ગંદા મોહલ્લામાંથી પોતાના સેવાકાર્યનો પ્રારંભ કર્યો હતો. છેવટે જાપાનના પતિતોના ઉદ્ધારકનું પદ પામ્યા હતા. બિહારનો એક હજારી નામનો સામાન્ય ખેડૂત પોતાની લગનના આધારે તે ક્ષેત્રેમાં એક હજાર આંબાવાડીયાં તૈયાર કરવામાં સફળ થયો હતો.

આવા ઉદાહરણની કોઇ ખોટ નથી.તે ભૂતકાળમાં હજારો હતાં અને અત્યારે પણ અહીંતહીં એક એકથી ચઢિયાતી સફળતા મેળવી રહ્યાં છે. આમાં કોઇ વ્યક્તિ વિશેષનો નહીં, પણ તેની પ્રતિભાનો ચમત્કાર જ જોવો જોઇએ. આ વાત દરેક વ્યક્તિ માટે સંભવ છે. જરૂર માત્ર એટલી છે કે સાચી લગની હોય અને તેના માટે યોજનાબદ્ધ પરિશ્રમ કરવામાં ક્યાંય પાછી પાની કરવામાં ન આવે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# મોટા કાર્યો માટે વરિષ્ઠ પ્રતિભાઓ

મજબૂત કિલ્લાઓને ધરાશયી કરવા માટે અષ્ટધાતુની તોપોની ગોળાબારી જ કામ આવે છે. પર્વતોને સમતલ કરવા ડાયનામાઇટની સુરંગોનો ઉપયોગ કરવામાં આવે છે. રેલવેના ડબ્બા પાટા પરથી ઉતરી જતાં તેને ઉંચકવા માટે શક્તિશાળી ક્રેનની જરુર પડે છે. દુષ્કર યુદ્ધો જીતવા માટે પ્રવીણ પારંગત સાહસિક સેનાપતિઓની જરૂર પડે છે. આવા મોટા કાર્યો માટે છુટક સાધનોનો ઉપયોગ નિરર્થક જાય છે.

તલવારનો ઘા ઝીલવા માટે ગેંડાના ચામડાની ઢાલ જ જોઇએ. હજારો ટન માલ લઇ જવાનું કાર્ય મોટી સ્ટીમરો કરે છે. તે કામ નાની નૌકાઓથી શક્ય નથી. મોટી આગ બૂઝાવવા માટે મોટા ફાયર ફાઇટરની જ જરૂર પડે છે. ઊંચા નીચા ટેકરાઓને સમતલ બનાવવા બુલડોઝરો વિના કામ ચાલી શકે નહીં. કાદવમાં ફસાયેલા હાથીને તેના જેવા મોટા ગજરાજ જ બહાર ખેંચી કાઢી શકે છે. નવા નગરો અને મોટા બંધના નકશા સૂઝબૂઝ વાળા મોટા એન્જિનીયરો જ બનાવે છે.

મોટા કામની જવાબદારી અને તેને પૂર્ણ કરવાની જવાબદારી અસાધારણ ક્ષમતાવાળી વ્યક્તિત્વોને જ સોંપવામાં આવે છે.મહત્ત્વ તો ટટ્ટુઓ અને બકરાઓનું પણ હોય છે. પરંતુ તેમની પીઠ ઉપર હાથીની અંબાડી મૂકી નથી શકાતી. સો સસલા ભેગા થઇને પણ એક ચિત્તાથી દોડમાં આગળ જઇ શકતા નથી. મોટા કામ માટે મોટાઓની જરૂરીયાત હોય છે.

આ દિવસોમાં મોટી ઉથલપાથલ થનાર છે. શતાબ્દીઓથી એકત્ર થયેલ કચરા અને ગંદકીને સાફ કરવાની છે. કાંટાવાળા જાળાંઝાંખરાંના સ્થાને સુરમ્ય ઉદ્યાંન બનાવવો નાની સૂની વાત નથી. ધૂળિયા અને લાવા જેવા ગરમ રણપ્રદેશને પણ હરીયાળીમાં બદલી શકાયા છે, પરંતુ તેના માટે વિપુલ સાધનો અને સૂક્ષ્મ સૂઝબૂઝવાળા વ્યક્તિઓની જરૂર પડી છે. સમુદ્ર કૂદી જવા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને સંજીવની બૂટીનો પર્વત ઉપાડી લાવવાનો ચમત્કાર હનુમાનજી જ કરી શક્યા હતા. દરેક વાનર આવું સાહસપૂર્ણ કામ ન કરી શકે. અસુરતાના વ્યાપક સામ્રાજ્યનો નાશ કરવાનું અને તેના સ્થાને સતયુગી રામરાજ્યનું વાતાવરણ બનાવવાની મોટી યોજના મોટા વ્યક્તિઓના પ્રચુર સાધનોની ક્ષમતાને કારણે જ શક્ય બની હતી. મોટી આશાઓ સામાન્ય વ્યક્તિઓ પાસેથી રાખવી નિરર્થક છે. સમુદ્ર પી જવાનો પડકાર તો માત્ર અગત્સ્ય જ ઝીલી શકે.

આ દિવસોમાં અયોગ્યના પૂરને રોકવા અને કીચડને મધુવન બનાવવા જેવા સમયના પડકારો સામે છે. વિનાશના તાંડવને રોકવા અને વિકાસનો ઉલ્લાસ પૂર્ણ સરંજામ પૂરો પાડવો એવું કામ છે જેવું કે પડેલ ખાડાને પૂરી તેના પર ઉંચો મિનારો બનાવવો. આ પ્રવાહને પલટાવવો નહિ પણ પ્રવાહને પલટાવીને સીધો કરવા જેવું કાર્ય કહી શકાય. આમ તો મનુષ્ય જ અશક્યને શક્ય કરી બતાવે છે પરંતુ તેના માટે કટીબદ્ધ થઇ પોતે પોતાની ક્ષમતાને સંપન્ન કરવી પડે છે. યુગ પરિવર્તનની આ વિષમ વેળામાં કંઇક એવું જ બનવાની જરૂરિયાત છે, જેવું કે અંધકારભરી રાત્રી બાદ સૂર્યોદયની સ્વર્ણિમ આત્મા મળશે. પુરાતન તથા આ યુગનો ભેગો સંધિકાળ ક્યારેક ક્યારેક જ આવે છે. જેની યુગ યુગાન્તરો સુધી રાહ જોવી પડે છે. આ દિવસોમાં આવું જ કંઇક બની રહ્યું છે.

સંકટોના વાદળો ચારે દિશાઓમાં ગર્જના કરી રહ્યા છે. જે થઇ રહ્યું છે તેના દ્વારા માત્ર સંકટોનો જ આભાસ થઇ રહ્યો છે. દુર્બુદ્ધિ તેની ઉંચાઇ સુધી પહોંચી એવી સંભાવનાઓ બતાવવા લાગી છે જેને ખરાબ દુર્ગતિ સિવાય બીજું કંઇ નામ ન આપી શકાય. આ પ્રવાહ વધુ ઉત્તેજિત કરવો સહેલો છે, પણ પ્રવાહને ઉલટાવીને સર્જનાત્મક દિશામાં યોજના બદ્ધ રૂપે વાળવાની આશા માત્ર વિશ્વકર્માઓ પાસેથી જ રાખી શકાય. તેમની દસે દિશાઓમાં માગણી થઇ રહી છે. તેમને શોધવા અથવા નવા બીબામાં ઢાળવા માટે સમય થનગની રહ્યો છે. મોટા કામ આખરે મોટા સિવાય કોણ કરી શકે ?

પ્રશ્ન કોઇ વિશેષ ક્ષેત્રે કે વિશેષ સમુદાયનો પતાવવાનો નથી.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અભાવો દૂર કરવાના નથી અથવા સાધનો એકઠા કરવાની જરૂરિયાત પણ નથી. નજર સામે અતિ મુશ્કેલ કામ એ છે કે સંસારભરના માનવ સમુદાય પર છવાયેલી વિચાર વિકૃતિને કેવી રીતે દૂર કરવી? આ કાર્ય કલમ, વાણી તથા પ્રચાર માધ્યમોથી એક સીમા સુધી જ થાય છે અને તે પણ એકદમ ધીમી ગતિથી. જ્યારે જરૂરિયાત એ વાતની છે કે લોકોના વિચારમાં ઊંડે સુધી ઘુસેલી ભ્રષ્ટતાનો સામનો કેવી રીતે કરવો અને તેને પરિણામે દુષ્ટ આચરણની જે પરંપરા ચાલી છે તેનું ઉદ્ભવસ્થાન કેવી રીતે બંધ કરવું? છેતરપીંડીનું પ્રમાણ એટલું બધું વધ્યું છે કે કાનૂન, દંડ, વ્યવસ્થા કે ધર્મ, કોઇની તેના ઉપર કોઇ અસર નથી. સદાચારનો જોર જોરથી પક્ષ લેવાવાળા રોજ નવાં મહોરાં બદલી કુકર્મ આચરે છે તો તેમને કેમ કરી સમજાવવાં? જાગતા માણસને શું જગાડવો? પ્રચાર માધ્યમો ધીરેધીરે પોતાની વિશ્વાસનીયતા ગુમાવતા ચાલ્યા છે. કારણ કે ઉપદેશકો જ તેમના ઉપદેશથી વિરૂદ્ધ આચરણ કરે તો તેમને કોણ શું કરીને સમજાવે? તેમની વાત પર કોઇ કેમ કરી કેટલો વિશ્વાસ કરે?

ઉપાય એક જ બાકી રહી જાય છે કે નવા પ્રતિભાવાનો આગળ આવે અને પોતાનું ઉદાહરણ લોકો સામે રજુ કરીને સાબિત કરે કે સાચા રસ્તે ચાલવું ન તો ખોટનો ધંધો છે કે ન અસંભવ અને અવ્યવહારિક. સાચા ઉદાહરણને રજુ કરવું એ એક માત્ર ઉપાય છે જેના આધારે લોકોને આદર્શ અપનાવવા સંમત તથા પ્રોત્સાહિત કરી શકાય છે. ચોર, જુગારી, વ્યભિચારી, નશેબાજ, અનાચારી વગેરે પોતાની કથની કરણી એક રાખી અનેક લોકોને પોતાના અનુગામી બનાવી દે છે, તો પછી શ્રેષ્ઠ આદર્શના અનુગામી તૈયાર કરવા કંઇ મુશ્કેલ વાત નથી.

પ્રાચીનકાળમાં ઋષીઓ આવા જીવંત ઉદાહરણ હતા. પોતાની જાતને ઉચ્ચ આદર્શોને અનુરૂપ આચરણમાં ઘડવા-ઢાળવાની કષ્ટ સાધ્ય પ્રક્રિયાને જ તપશ્ચર્યા કહે છે. વશિષ્ઠ હોય કે વિશ્વામિત્ર, ચરક હોય કે યાજ્ઞવલ્ક્ય, બધાએ સમયને અનુરૂપ નવી શોધ કરી તેનો પોતાની જાત પર પ્રયોગ કરી તેની પ્રમાણિકતા સિદ્ધ કરી અને એ આધારે પૂરા સમાજને તેનો લાભ આપ્યો. બુદ્ધ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એને આધારે જ અવતાર કહેવાયા તથા ગાંધીજી આ કસોટી પાર કરીને જ રાષ્ટ્રપિતાનું સન્માન મેળવી શક્યા. વર્તમાન યુગની સમસ્યાઓ પણ યુગ પ્રતિભાઓ પાસેથી તે જ સ્તરના સમાધાન ઇચ્છે છે.

પ્રતિભાઓએ બે મોરચે લડવાનો અભ્યાસ કરવો જોઇએ. તેમાંથી એક છે દુષ્પ્રવૃત્તિનો વિનાશ અને બીજો છે સત્પ્રવૃત્તિનો વિકાસ. આ પ્રયત્નોનો શુભારંભ પોતાની જાતથી શરુ કરી તેને પરિવારમાં પ્રચલિત કરી શકાય છે. ત્યારબાદ પડોશી, સ્વજન સંબંધીઓ, પરિચિત, મિત્રો વગેરેને આ દિવ્ય પ્રકાશથી લાભાન્વિત કરવા જોઇએ.

આપણા સ્વભાવમાં કેટલીયે એવી આદતો સમાયેલી છે જે આપણને દેખાતી નથી, પરંતુ લાકડામાં લાગેલ ઉધઇની જેમ નિરંતર નબળું બનાવતી જાય છે. તેનો સામનો કરવા માટે નાકાબંધી જરૂરી છે. બધાથી પ્રચલિત અને ખરાબ આદત છે આળસ. ચોરી અનેક પ્રકારની હોય છે, પરંતુ પોતાની જાત અને સગા સંબંધીઓને વધુમાં વધુ નુકસાન પહોંચાડનાર ચોરી છે કામચોરી. તેમાં લાગે તો એવું છે કે આપણે આરામથી રહીએ છીએ, શાંતિથી જીવન વ્યતિત કરી રહ્યા છીએ પણ સાચી વાત એ છે કે આ કુટેવને કારણે માણસ દિવસે દિવસે બિન ઉપયોગી, અણઘડ, અયોગ્ય, ક્ષમતાવિહિન અને અશક્ત થતો જાય છે. પ્રગતિની તમામ શક્યતાઓ આળસુને દૂરથી નમસ્કાર કરી પાછી વળી જાય છે.

એ સારી રીતે જાણી લેવું જોઇએ કે પરસેવાનું દરેક ટીંપુ મોતી છે. જીવન રૂપી બહુમૂલ્ય સાંકળ સમયના એક એક ક્ષણના નાના નાના કણોમાંથી ભેગી મળીને બની છે. સુખી તેઓ થાય છે જેમણે સમયની કિંમત ઓળખી અને તેની દરેક ક્ષણનો શ્રેષ્ઠતમ ઉપયોગ કામના મહત્ત્વ મુજબ ખર્ચ કર્યો. જેઓ આળસ પ્રમાદમાં સમય ગુમાવે છે, ધીમી ગતિથી જેમતેમ કરીને કામ પૂરા કરે છે તેઓ પોતાના મોતના દિવસો જેમ તેમ કરીને પૂરા કરી રહ્યા માનવું જોઇએ. તેમને બીજું કંઇ તો શું મળે? પણ પ્રતિભા પરિવર્ધનના સહજ લાભથી પણ તેઓ વંચિત રહી જાય છે. આ દુર્ઘટના આપણા કે આપણા કોઇ સ્વજનના જીવનમાં ન બને તેનું



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સતર્કતાપૂર્વક ધ્યાન રાખવું જોઇએ. લાંબા સમયથી ભારે અને મુશ્કેલ કામ કરવાવાળાને વચ્ચે થોડા આરામની જરૂર પડે છે, પણ તેની પૂર્તિ થોડી વાર કામ બદલીને કે મનને બીજે ક્યાંક લગાવવાથી જ પૂરી થઇ જાય છે. મનુષ્યનું હૃદય માનવ જન્મથી મૃત્યુ પર્યંત ધબકતું રહે છે અને વચ્ચે થોડી ક્ષણોનો વિશ્રામ પણ કરી લે છે. આપણા કામ અને વિરામની વચ્ચે આવું તાદાત્મ્ય સાધવું જોઇએ.

પોતાની જવાબદારીની ક્રમબદ્ધ વ્યવસ્થા બનાવવી એ વાતની સાબિતી છે કે વ્યક્તિની દૂરદર્શિતા, વિવેકશીલતા તથા કાર્ય કુશળતા ઉંચા પ્રકારની છે. કારખાના અને કચેરીઓનું સુસંચાલન તેમના મેનેજરની યોગ્યતા અને સંચાલન શક્તિ પર આધારિત છે. રાજ વ્યવસ્થામાં ગવર્નર રાજ્યના સંરક્ષક ગણાય છે. અંગ્રેજી શાસન દરમ્યાન ભારતના મુખ્ય વ્યવસ્થાપકને ગવર્નર જનરલ કહેવામાં આવતા હતા. તે પદ સૌથી ઉંચું મનાતું હતું. સુપ્રિન્ટેન્ડેન્ટ શબ્દ પણ એનો જ પર્યાય છે.

મહત્ત્વપૂર્ણ સફળતા જ્યારે પણ, જ્યાં પણ જેમને પણ મળી છે તેમાં વ્યવસ્થાતંત્રની ભૂમિકા મુખ્ય રહી છે.સેનાપતિઓની કુશળતા તેમની રણનીતિને આધારે આંકવામાં આવે છે. યોજનાબદ્ધ કાર્યક્રમ દ્વારા જ વિશાળકાય નિર્માણ કાર્ય થઇ શકે છે. શ્રમ, શ્રમિક અને સાધનો પૂરતા પ્રમાણમાં પૂરા પાડવા છતાં જેટલી ઇચ્છા હતી તેટલી સફળતા મળશે જ તેની કોઇ ગેરંટી નથી હોતી. એ સંભાવના એ બાબત ઉપર આધારિત છે કે આ જે ઉપલબ્ધ સાધનોનો કેમ કરીને શ્રેષ્ઠતમ ઉપયોગ થાય.તથા એ વાત પર પણ આધારિત છે કે જે કામ હાથમાં લીધું છે તેને અનુકૂળ, પ્રતિકૂળ દરેક પક્ષની દરેક હિલચાલ અને સમસ્યાને કેવી રીતે મૂલવવામાં આવી છે. તેથી સમસ્યાનું સમાધાન કેવી રીતે કરવા વિચાર કર્યો છે. સફળતા માત્ર આવા તેજસ્વીઓને જ વરે છે. શ્રેયના અધિકારી તેઓ જ બને છે. જેઓ પોતાના ભાગે આવેલ કામની વેઠ ઉતારે છે, તેમને માત્ર મજૂર કહી શકાય. વ્યવસ્થાપકનું શ્રેય તેમને નથી મળતું. કામમાં દિલચસ્પી, એકાગ્રતા, ઉત્સાહ અને આગળ વધવાનો ઉત્સાહ, સાહસ બધું ભેગા મળીને જ મોટું કામ થઇ શકે છે. પછી તેમાં સાધનો સાધારણ અને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

યોગ્યતા ઓછી હોય તો પણ વાંધો નથી. આવા લોકો પ્રતિકૂળતાથી ગભરાતા નથી. તેને અનુકૂળ બનાવવા પોતાની તમામ ક્ષમતા હોડમાં મૂકી દે છે. આવા લોકો જ નેતૃત્વ કરવાના અધિકારી બને છે. મોટી ખુરશીમાં બેસવા અને પદવી મેળવવા તો નરવાનર પણ તૈયાર હોય છે.

વ્યક્તિગત જીવનમાં પ્રતિભા પરિષ્કારનો શુભારંભ આળસ પ્રમાદને દૂર કરવાના કાર્યથી કરવો જોઈએ. નાના કામ સાથીદારો પાસે કરાવી મોટા - મુશ્કેલ અને વજનદાર કાર્યોની જવાબદારી પોતાને ખભે લેવી જોઈએ. હલકા કામની રાહ જોવી અને મોજમજામાં જીવન ગુજારવાની કુટેવ જીંદગીભર માણસને અણઘડ બનાવી રાખે છે. જે પોતાના ભાગના કામની સાથે સાથે સંબંધી ક્ષેત્રના તમામ પક્ષના ઉતાર ચઢાવનું ધ્યાન રાખી અને સંબંધિત વ્યક્તિઓને તેમાં સુધારો કરવાની વિનમ્ર વિનંતી કરે છે. સાચા અર્થમાં તેને જ સૂત્ર સંચાલક માનવામાં આવે છે. એવા લોકો અહંકારી કે હઠાગ્રહી નથી હોતા. હૂકમો પણ નથી છોડતા. પોતાની વાત એવી રીતે રજુ કરે છે, જેમાં પોતાનો અહંકાર, બીજાની અજ્ઞાનતા ન દેખાય તથા સામેના પક્ષ ઉપર આક્ષેપ કે દોષરોપણ ન જણાય. સત્પરામર્શ દરેક વ્યક્તિ સ્વીકારે છે. પણ તિરસ્કારપૂર્ણ આદેશની દરેક વ્યક્તિ અવગણના કરે છે કારણ કે તેનાથી બીજાના સ્વભિમાનને ધક્કો પહોંચે છે.

ઘાણીનો બળદ પણ પોતાના કામમાં તો જોડાયેલો જ છે. પણ પોતાના સંબંધિત કાર્યના દરેક પક્ષનું ધ્યાન રાખવું તે વિશેષતા છે. સંભાવનાઓને વિચારે છે અને શતરંજના સોગઠાની જેમ સતર્કતાપૂર્વક બાજીની ચાલ ચાલે છે. વ્યવસ્થાપક આવા લોકો જ બની શકે છે અને માત્ર પોતાના કાર્યની નહીં પરંતુ આખા સંગઠનના સુનિયોજનની ક્ષમતા અર્જિત કરતાં ભવિષ્યમાં ઉંચી શ્રેણીનાં દાયિત્વ, જવાબદારીઓ નિભાવી શકવાની ક્ષમતા પ્રાપ્ત કરી લે છે. આવાજ લોકોને વ્યવહારિક ક્ષેત્રના ધર્માત્મા કહેવામાં આવે છે. અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય વગેરે દાર્શનિક-નૈતિક સદ્‌ગુણો તો પ્રથમ વર્ગમાં પાસ થયા પછી જ મેળવી શકાય છે. પ્રારંભ તો વ્યક્તિગત જીવનમાં ઉત્સાહપૂર્ણ વ્યસ્તતા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અપનાવવાથી થાય છે. પરિવારમાં પ્રતિભાશાળીઓ દ્વારા વ્યવસ્થા સંબંધી પ્રયોગ કરવો સરલ છે, કારણ કે પરિજનો સાથે દરરોજનો સંપર્ક હોય છે તથા આત્મિયતા પણ હોય છે. તેથી અનુશાસન પાલન માટે વિનંતિ અને આગ્રહ કરવામાં સંકોચ થતો નથી. આ જ અભ્યાસને જ્યારે વ્યવસાય અથવા સામાજિક ક્ષેત્રમાં પ્રયોજવામાં આવે છે તો ત્યારે મોટાક્ષેત્રની મોટી સફળતા મળે છે તથા વ્યક્તિત્વમાં પ્રતિભાવૃદ્ધિનો લાભ પણ નિરંતર મળતો રહે છે.

## ઉત્કૃષ્ટતાની સાથે જોડાઓ અને પ્રતિભાના વરદાન મેળવો

પ્રતિભા કોઈના પર આકાશમાંથી નથી વરસતી. તેને પરિશ્રમપૂર્વક મનોબળના આધારે પ્રાપ્ત કરવી પડે છે. આજ પર્યંતના પ્રતિભાશાળીઓના પ્રગતિમાર્ગ પર દૃષ્ટિપાત કરતા એક જ નિષ્કર્ષ નીકળે છે કે હાથમાં લીધેલા કામમાં ઉલ્લાસપૂર્ણ ઉમંગ ઉભરાતો રહ્યો, માનસિક એકાગ્રતા સાથે તન્મયતા જોડી શ્રમને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી અડચણો સામે યુદ્ધ આદર્યું અને પ્રતિકૂળતાઓને અનુકૂળતામાં બદલી પ્રખરતાનો પરિચય આપ્યો છે. સફળતાઓ આ આધારે જ મળે છે. સફળતા મળતા ઉત્સાહ બેવડાય છે અને બેવડા ઉત્સાહથી કામ કરવાની ઇચ્છા થાય છે. આ પ્રયત્નમાં પ્રતિભાનો વિકાસ થાય છે અને તે પરિપક્વ બને છે. આને જ ઉત્કૃષ્ટતા કહે છે. અભ્યુદનું શ્રેય આ આધાર પર જ આંકવામાં આવે છે. એકવીસમી સદી પ્રતિભાવાનોનું ક્રીડાંગણ હશે. તેમના દ્વારા એવા કાર્ય કરી બતાવવામાં આવશે જે અસંભવ નહિ તો કષ્ટ સાધ્ય તો જરૂર કહેવાય.

હવા ચાલવાવાળાની દિશામાં હોય તો ગતિ વધી જાય છે. વર્ષાના સમયે વાવવામાં આવેલ બીજમાં અંકુર ફૂટી સુંદર છોડ બનવામાં વાર લાગતી નથી. વસંતમાં માદાઓ ગર્ભધારણ કરે છે. કિશોરાવસ્થા વીતતાં જ અનાયાસ વિજાતીય આકર્ષણ વધી જાય છે. અનુકૂળ વાતાવરણમાં આ પ્રકારના પ્રયાસમાં તેજી આવે છે અને લગભગ સફળ થાય છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દિવ્યદૃષ્ટાઓ અંતઃસ્ફૂરણાના આધારે અનુભવે છે કે પરિવર્તનનો આ સમય છે. નવયુગના સૂર્યોદયને હવે બહુ વાર નથી. જનમાનસ વર્તમાન અનિચ્છનીયતાઓથી હવે કંટાળી ગયું છે. તેની વ્યાકૂળતા હવે એ દિશા તરફ વળી છે જ્યાં ચાલવાથી આ વાતાવરણથી મુક્તિ મળે અને શાંતિનો શ્વાસ લેવાની તક મળે. સાથે સાથે વિશ્વના વાતાવરણે પણ નિર્ણય કર્યો છે કે અનુચિતના પ્રવાહને ઔચિત્યમાં બદલવામાં હવે બિન જરૂરી વિલંબ ન કરવો જોઇએ. ઉથલપાથલનાં એવાં ચિહ્નો પ્રગટ થઇ રહ્યાં છે જે બતાવે છે કે સર્જનહારની પ્રતિબદ્ધતા સદાશયતાની જ્ઞાનગંગાનું અવતરણ આજની જરૂરિયાતને અનુરૂપે આ દિવસોમાં જ થવાનું સુનિશ્ચિત છે.

દુષ્કર્મી રાવણનો નાશ થવાનો હતો, તો બે વનવાસી યુવકો જ એ વિશાળ પરિવારનો નાશ કરવા પૂરતા હતા. રાક્ષસ હિરાણ્યકશ્યપ હાર્યો અને પ્રહ્લાદનો જયકાર થયો. સમય આવતાં રસ્તા ભૂલાવી દેતા ઘનઘોર ઝાડ ઝાંખરોવાળા જંગલને એક નાની સરખી ચિનગારી દાવાનળમાં બદલવા સમર્થ હોય છે. પ્રલયના પડકાર જેવી તાડકાને રામે અને પૂતનાને કૃષ્ણે બાળપણમાં જ ધૂળ ચાટતી કરી દીધી હતી. મહાકાળીનો સંકલ્પ જો યુગ પરિવર્તનનો તાલમેલ આ દિવસોમાં બેસાડે તો કોઇને પણ કંઇ આશ્ચર્ય ન થવું જોઇએ.

નજીકના ભવિષ્યની કેટલીક નિશ્ચિત સંભાવનાઓ એવી છે જેને હાથમાં લેનાર સફળ થઇને જ રહેશે. અર્જુનની જેમ કુદરત દ્વારા પહેલેથી જ મારી નાખવામાં આવેલ વિપક્ષીઓનો નાશ કરી અનાયસ જ શ્રેય અને પ્રેયનો બેવડો લાભ પ્રાપ્ત કરી શકાશે. આ વાતાવરણમાં તેમને પ્રતિભા પરિવર્ધનનો એ લાભ પણ મળશે જેના આધારે તેમની ગણતરી અગ્રણી યુગ શિલ્પીઓમાં થશે.

આવનાર દિવસોમાં પ્રચલિત દુષ્પ્રવૃત્તિઓમાંથી મોટા ભાગની તેના ભારથી જ મરશે. જેવી રીતે કે ઠંડી ઋતુમાં માખી મચ્છરોનો પ્રકૃતિ પરંપરા અનુસાર અંત થાય છે. અંધવિશ્વાસ, મૂઢમાન્યતાઓ, રૂઢિઓ, અંધ પરંપરા વગેરે દૂરદર્શી વિવેકશીલતાનો ઉદય થતાં જ ઘુવડ, ચામાચિડીયાની જેમ તેના કોતરમાં પેસી જશે. સંઘરાખોર અને અપવ્યપી આજે જેમ પોતાનો રોફ બતાવે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે તેના માટે પછી કોઇ આધાર રહેશે નહિ. સંઘરાખોર, આળસુ, લાલચું ત્યારે ભાગ્યવાન નહિ કહેવાય. એક બીજી વાત એ બનશે કે લાંબા ગાળાથી ઉપેક્ષિત નારીવર્ગ પોતાનું ગૌરવ પ્રાપ્ત કરશે. કચડાયેલા પીસાયેલા ગામડાનું નવું રૂપ પ્રગટ થશે તથા આજે જે સુવિધાઓ માટે ગામડા શહેર તરફ ભાગે છે તે તમામ સુવિધાઓ ગામડામાં ઉપલબ્ધ થશે. સમતા તથા એકતાના માર્ગમાં આવતા અવરોધો એક એક કરી તેની જાતે દૂર થતા જશે અને ઔચિત્ય વિકાસનો માર્ગ સાફ થતો જશે. ધનને સન્માન નહિ મળે પણ જે આદર્શો માટે સાહસ કરે છે તે વર્ચસ્વને સન્માન મળશે. પાખંડોનું ધુમ્મસ અત્યાર સુધી ભલે ગમે તેટલું રહ્યું હોય પણ આવનાર દિવસોમાં હવે તેનું આયુષ્ય બહુ લાંબુ નહીં હોય.

આ તથ્યના પ્રગટીકરણ પર જેઓ વિશ્વાસ કરતા હોય અને તેને અનુરૂપ પોતાના જીવન વ્યવહારમાં પરિવર્તન કરશે તે દરેક દષ્ટિએ લાભમાં રહેશે. આજનો દષ્ટિકોણ જેને ખોટનો ધંધો કહે છે, હાસ્યસ્પદ બતાવે છે આવતીકાલની સ્થિતિ તેવી નહિ રહે. લોકો વાસ્તવિક્તાનો અનુભવ કરશે અને સમય જતાં પોતાનો ભ્રમ બદલશે.

જીવંત અને જાગૃતોને યુગ ચેતના આ સમયમાં અછૂત નહિ છોડે. તેઓને ચીલાચાલુ જીવનથી કંટાળો આવશે તથા ચેતના અંતરાલમાં એવું સમુદ્રમંથન પેદા કરશે, એવું કંઇ કરવા બાધિત કરશે જે સમયને બદલવા જરૂરી, આવશ્યક છે. સાપ નિશ્ચિત સમયે કાંચળી બદલે છે. હવે યોગ્ય સમયે છે કે પ્રાણવાન પ્રજ્ઞાવાનો પોતાની કાંચળી બદલી નાખે. પોતાની સમગ્ર ક્ષમતા એકત્ર કરી દષ્ટિકોણમાં એવું પરિવર્તન કરે જેનાથી ભાવી કાર્યવાહીમાં એવા તત્ત્વોનો સમાવેશ થઇ શકે જેને અભિનંદનીય અને અનુકરણીય માની શકાય. અંતકરણમાં ઉત્કૃષ્ટતા ઉભરાય તથા કાર્યશૈલી, આદતોનું નવેસરથી નિર્ધારણ કરવામાં આવે કે જે યુગ શિલ્પીઓ માટે પ્રેરણાપ્રદ અને આદર્શોને મહત્ત્વ આપવામાં આવે. એવું ન વિચારે કે કહેવાતાં સગાસંબંધીઓની આ બાબતમાં શું સલાહ છે. પ્રહલાદ, વિભિષણ, ભરત, મીરા વગેરેને કુટુંબીઓનું નહીં પણ આદર્શોનું અનુશાસન અપનાવવું પડ્યું હતું. ઉચ્ચ સાહસના પ્રગટીકરણનું



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કેન્દ્રબિંદુ એ છે કે જીવનને શ્રેય સાધનાથી ઓતપ્રોત કરી દેવામાં આવે. આ પ્રયોજન માટે સંયમ અને અનુશાસન અતિ આવશ્યક છે. આજનું પ્રચલન તો ઢાળ તરફ ઢળવાનું છે. પાણી હંમેશાં ઉપરથી નીચે તરફ જ જાય છે. ઉત્કૃષ્ટતાની ઉંચાઇ સુધી પહોંચવા શૂરવીરો જેવું સાહસ બતાવવું પડે છે. આ અવસરને જો ગુમાવ્યો તો સંભવ છે કે આવો સમય પુનઃ આવે કે ન આવે.

વાદળોના ઘટાટોપ જ્યારે ગરજે છે ત્યારે ખેડૂતોના મન ઉત્સાહથી ભરાઇ જાય છે. ઇન્દ્રનું વજ્ર સો સો વાર સલામો ભરે છે. આકાશ પ્રકાશથી છવાઇ જાય છે. મોર નાચે છે. પપૈયા ગાન કરે છે. હરિયાલી તેની પ્રતિક્ષામાં મખમલી ચાદર ઓઢી મુસ્કરાતી પડી રહે છે. આ બધા લાડ વર્ષાનાં જ શા માટે થાય છે? તપાસ કરતાં જણાય છે કે એકત્રિત જળભંડાર અતિ વિનમ્રતાપૂર્વક ધરતીમાં સમાઇ જાય છે.

પ્રતિભા પરિવર્ધનના ઉદ્દંડ ઉપાય તો અનેક છે. જેને આંતંકવાદી અનાચારી વગેરે અપનાવે પણ છે અને પ્રેતપિશાચોની જેમ અનેકને ડરાવે પણ છે. પરંતુ સ્થિરતા અને વખાણ તો તેવા પ્રતિભાવાનોના જ થાય છે જેઓ સજ્જનતા અપનાવે છે અને આદર્શો માટે પોતાના વૈભવને લૂંટાવી દે છે. એવા લોકો શબરી, ખિસકોલી કે નાવિક સ્તરના કેમ ન હોય, તો પણ તેઓ અજર અમર બની જાય છે. તથા અનેકના અનુકરણને પાત્ર બને છે. તેમનું ચુંબકત્વ ન જાણે ક્યાંથી શું શું આકર્ષી લાવે છે જેનાથી બીજ મોટું વૃક્ષ બની જાય છે.

પ્રતિભા પરિષ્કારનો અજસ્ત્ર લાભ લેવાનો અત્યારે સુવર્ણ સુયોગ છે. યુગસંધિના સમયમાં પ્રાણવાન પરિજનોની જરૂરિયાત ઊભી થઇ છે. અનિચ્છનીયતાઓથી આવા પરાક્રમી ઓ જ ભીડાઇ શકે છે અને હનુમાન અંગદ જેવા અણઘડ હોવા છતાં લંકાને ધરાશયી કરવા, રામરાજ્યનું સતયુગ વાતાવરણ બનાવવાના બે મોરચે પોતાની સમર્થ ક્ષમતાની પરીક્ષા આપી શકે. આવી પરીક્ષાની ઘડીઓ વારંવાર નથી આવતી. જેઓ સમયને ઓળખે અને સમય ચૂક્યા વિના પોતાના સાહસની પરીક્ષા આપે તેમને પ્રતિભાના માલિક



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બનાવા માટે વધારાના બીજા કોઇ અનુષ્ઠાન કરવાની જરૂર પડતી નથી. સંયમ અને સાહસનું મિલન તેમને વરિષ્ઠતા સુધી પહોંચાડી દે છે. પૂણ્ય અને પરમાર્થનો રાજમાર્ગ એવો છે જેના પર ચાલવાથી વરિષ્ઠતાનું લક્ષ્ય હરકોઇને પ્રાપ્ત થઇ શકે છે. આત્મ સાધના અને લોકસાધના એક સિક્કાની બે બાજુ છે. જ્યાં એકને સાચી રીતે અપનાવવામાં આવશે બીજાનો લાભ અનાયાસે મળશે જ.

લક્ષ્ય અને કાર્યક્રમ નક્કી કરી લીધા બાદ એ નિર્ણય કરવો સરળ બને છે કે કોણ પોતાની મનઃસ્થિતિ અને પરિસ્થિતિ અનુસાર કુટુંબની જરૂરીયાતોને જોતાં કેવા ક્રિયાકલાપ હાથમાં લે અને પ્રગતિનું એક એક પગલું ભરતાં ભરતાં અંતે મોટામાં મોટું ક્યું કાર્ય કરે છે ? અહીં ધ્યાન રાખવામાં યોગ્ય તથ્ય એ છે કે વ્યક્તિ પોતાના પ્રભામંડળ સમ્પર્ક ક્ષેત્રની સાથે જોડાઇને જ પૂર્ણ બને છે. પોતાના જેવા વિચારોવાળા અનેક સંબંધી મિત્રોને સાથે લઇ સહકારપૂર્વક મોટા પગલાં ભરવા એ એવી રીતિ નીતિ છે જેના આધારે પોતાની તથા સાથીદારોની પ્રતિભાને ચાર ચાંદ લાગી જાય છે.

સત્પ્રવૃત્તિઓનો સમૂહ પરબ્રહ્મ પરમાત્મા પ્રતિભાઓનો પ્રકાશ પૂંજ છે. તેની સાથે સંબંધ જોડવાથી સંકીર્ણ સ્વાર્થમાં તો કાપ મૂકવો જ પડે છે. પરંતુ સાથે સાથે એ પણ સત્ય છે કે અગ્નિના સાથે સંબંધ જોડનાર ઇંધણનો ઢગલો જ્યોતિર્મય જવાળાની જેમ ચમકવા લાગે છે. ઉત્કૃષ્ટતા સાથે જોડાનાર કોઇને પણ એવું કહેવું નથી પડતું કે તેને પ્રતિભા પરિકરના ભંડારમાંથી કોઇ પ્રકારે ઓછું મળ્યું.

દિશા નક્કી કરી લીધા પછી માર્ગદર્શક તો ડગલેને પગલે મળી જાય છે. કોઇ ન પણ મળે તો પોતાનો અંતરાત્મા તે જરૂરિયાત પૂરી કરી દે છે. પ્રતિભાવાન ન તો કદી અભાવની ફરીયાદ કરે છે. તેને કોઇના પર દોષારોપણ કરવાની જરૂર નથી પડતી કે તેને અમુકે સહયોગ ન આપ્યો અથવા પ્રગતિપથને રોકવાવાળો અવરોધ નાખ્યો. પ્રતિભા જ શાલીનતા અને પ્રગતિશીલતાની આધારશિલા છે.



મુદ્રક—યુગ નિર્માણ પ્રેસ, મથુરા

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org